# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 443 | Dt. 29-09-2026 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906 RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# ચાર હજાર કરોડનું ડોનેશન કૌભાંડ

## અંદાજિત ૨૩ રાજકીય પક્ષો સીઆઈડી ક્રાઈમની રડારમાંઃ કાળા નાણાંની હેરફેર અને ઈન્કમટેક્સ વિભાગના મેગા દરોડા વધુ ૭ થી ૮ પાર્ટીઓ સામે નોંધાશે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી દરમિયાન ૨૩ જેટલા રાજકીય પક્ષોએ ૪૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું બોગસ ડોનેશન મેળવ્યું હોવાનો ઈન્કમટેક્સના દરોડામાં મોટો ખુલાસો થયો છે. સીઆઈડી ક્રાઈમે અમદાવાદ અને ગાંધીનગરમાં ચાલતી ગરીબ કલ્યાણ પાર્ટી, ભારતીય નેશનલ જનતા દળ, સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી અને સત્યરક્ષક પાર્ટીના પ્રમુખ તથા ઓડિટર વિરુદ્ધ ૨૨૮૩ કરોડ રૂપિયાના બોગસ ડોનેશન થકી ૮૦૦ કરોડથી વધુની કરચોરીનો સત્તાવાર ગુનો નોંધીને સઘન તપાસ શરૂ કરી છે. આગામી દિવસોમાં વધુ ૭ થી ૮ રાજકીય પાર્ટીઓ સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ માં યોજાયેલી લોકસભાની ચૂંટણી તેમજ અન્ય સ્થાનિક ચૂંટણીઓમાં અનેક નાના રાજકીય પક્ષો નોંધાયેલા હતા. આ પૈકીના કેટલાક પક્ષોએ માત્ર નામપૂરતા જ ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને ચૂંટણી ફંડમાં ૧૦૦ ટકા ટેક્સ મુક્તિ આપતી આવકવેરા કલમનો ગેરફાયદો ઉઠાવીને કાળા નાણાંની મોટાપાયે હેરફેર કરી હતી. આ અંગેની બાતમી ઈન્કમટેક્સ વિભાગને મળતા તેઓએ ૫૦ થી વધુ રાજકીય પાર્ટીઓની ઓફિસ, તેમની સાથે સંકળાયેલા નેતાઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને ત્યાં સામૂહિક દરોડા પાડ્યા હતા. આ મેગા ઓપરેશન દરમિયાન ૨૩ જેટલી રાજકીય પાર્ટીઓએ આશરે ૪૦૦૦ કરોડ રૂપિયાનું બોગસ ડોનેશન લીધું હોવાનો પર્દાફાશ થયો હતો.

આ મસમોટા કૌભાંડ સંદર્ભે પ્રાથમિક તબક્કે ચાર રાજકીય પાર્ટીઓ વિરુદ્ધ સત્તાવાર ગુના નોંધવામાં આવ્યા છે. જેમાં અમદાવાદના નાના ચિલોડા ખાતે આવેલી ગરીબ કલ્યાણ પાર્ટી, ગાંધીનગરમાં આવેલી ભારતીય નેશનલ જનતા દળ, અમદાવાદના સૈજપુર ખાતે આવેલી સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી તેમજ વિદ્યાનગરમાં આવેલી સત્યરક્ષક પાર્ટી સામે કુલ ૨૨૮૩ કરોડ રૂપિયાના બોગસ ડોનેશન અંગે ફરિયાદ દાખલ થઈ છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા આ મામલે વધુ ૭ થી ૮ રાજકીય પાર્ટીઓ વિરુદ્ધ પણ ફરિયાદ નોંધવાની તજવીજ શરૂ કરવામાં આવી છે, જેમાં અંદાજિત ૧૨૦૦ થી ૧૫૦૦ કરોડ રૂપિયાના બોગસ ડોનેશનની હેરફેર થઈ હોવાનું સામે આવ્યું છે.




### તપાસ એજન્સીઓની રડારમાં આવેલી રાજકીય પાર્ટીઓનું લિસ્ટ તૈયાર

ગુજરાતમાં ઈન્કમટેક્સ વિભાગના રડારમાં આવેલી રાજકીય પાર્ટીઓમાં ભારતીય નેશનલ જનતા દળ, ગરીબ કલ્યાણ પાર્ટી, સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી, લોકશાહી સત્તા પાર્ટી, ગરવી ગુજરાત પાર્ટી, ઈન્ડિયન સ્વર્ણ સમાજ પાર્ટી, જન મન પાર્ટી, ગુજરાત જનતા પંચાયત પાર્ટી, સત્યવાદી રક્ષક પાર્ટી, ન્યૂ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટી, રાષ્ટ્રીય જનક્રાંતિ પાર્ટી, જિલ્લા વિકાસ મંડળ, લોક કલ્યાણ મંચ, ભારતીય લોકતાંત્રિક પાર્ટી, ગુજરાત સંઘર્ષ સંગઠન, જનતા રાજ પાર્ટી, રાષ્ટ્રીય સમાજવાદી પાર્ટી, અખિલ ભારતીય યુવા વિકાસ પાર્ટી, માનવ અધિકાર નેશનલ પાર્ટી, હિંદુસ્તાન નિર્માણ દળ, સ્વરાજ્ય નવનિર્માણ સેના અને જન સેવા પાર્ટી જેવા અનેક પક્ષોનો સમાવેશ થાય છે.

# પાક-અફઘાન સરહદે ૨૮ ઠાર

## લડવૈયાઓને પાકિસ્તાની મિલિશિયાનું મળતું'તું સમર્થન




નવી દિલ્હી, તા.૨૮

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદી વિવાદ ફરી એકવાર આગ ઝરતી તેજી પર આવી ગયો છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, પૂર્વી પ્રાંત નૂરીસ્તાનમાં અમારા દળોએ પાકિસ્તાન તરફથી સરહદ પાર કરીને આવેલા ૨૮ લડવૈયાઆને ઠાર માર્યા છે, જ્યારે ૩ને ધરપકડ કરી છે. કાબુલે આરોપ લગાવ્યો છે કે, આ લડવૈયાઓને પાકિસ્તાની મિલિશિયાનું સમર્થન પ્રાપ્ત હતું. બીજી તરફ, પાકિસ્તાને આ તમામ આરોપોને સદંતર ફગાવી દીધા છે.

અફઘાનિસ્તાન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, લડવૈયાઓનું આ જૂથ શનિવારે નૂરીસ્તાનના કામદેશ જિલ્લામાં પાકિસ્તાન સરહદેથી હુમલા કરવાના ઈરાદે ઘૂસ્યું હતું. અફઘાન દળોએ ચલાવેલા ઓપરેશનમાં ૨૮ ઘૂસણખોરો માર્યા ગયા, જ્યારે બાકીના લડવૈયા પાકિસ્તાની ચોકીઓ તરફ ભાગી ગયા હતા.

કાબુલનો દાવો છે કે, પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ આ લડવૈયાઓ સાથે જોડાયેલા હતા, પરંતુ અથડામણ શરૂ થતાં જ તેઓ પાછળ હટી ગયા હતા. મંત્રાલયે એવો પણ આક્ષેપ કર્યો છે કે, પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓએ ભૂતપૂર્વ અફઘાન સુરક્ષાકર્મીઓને રોજગારી અને સહાયનું વચન આપીને પાકિસ્તાનમાં તાલીમ આપી હતી અને ત્યારબાદ તેમને હુમલા માટે નૂરીસ્તાન મોકલ્યા હતા.

પાકિસ્તાનના માહિતી મંત્રાલયે અફઘાનિસ્તાનના આ તમામ દાવાઓને પાયાવિહોણા અને સત્યથી વેગળા ગણાવ્યા છે. પાકિસ્તાન સરકારે સ્પષ્ટતા કરી છે કે, તેમની કોઈ ગુપ્તચર એજન્સી કે સુરક્ષા દળ આ હુમલામાં સામેલ નથી. પાકિસ્તાને પૂર્વ સુરક્ષાકર્મીઓને તાલીમ આપવાની કે ઈસ્લામિક સ્ટેટ જેવા આતંકી જૂથોને મદદ કરવાની વાતને સંપૂર્ણપણે ખોટી ગણાવી છે.

### યુક્રેનને તમામ પેટ્રિઅટ મિસાઈલો સોંપવા અપીલ! યુરોપિયન યુનિયન ચિંતિત

# રશિયાના હુમલાથી યુરોપ હચમચ્યું

નવી દિલ્હી, તા.૨૮

યુક્રેન પર રશિયા દ્વારા સતત થઈ રહેલા ઘાતક હવાઈ હુમલાઓને લઈને યુરોપિયન યુનિયન (EU) દ્વારા ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઊઞ ના વિદેશ નીતિ પ્રમુખ કાજા કલ્લાસે જણાવ્યું છે કે, શિયાળો શરૂ થાય તે પહેલાં યુક્રેનને તાત્કાલિક એર ડિફેન્સની જરૂર છે. તેમણે જે સભ્ય દેશો પાસે વધારાના પેટ્રિઅટ ઈન્ટરસેપ્ટર ઉપલબ્ધ છે, તેમને વિનંતી કરી છે કે તેઓ પોતાના ભંડારમાંથી આ સિસ્ટમ શક્ય તેટલી વહેલી તકે યુક્રેન મોકલે, જેથી નિર્દોષ નાગરિકોનું રક્ષણ થઈ શકે.કાજા કલ્લાસે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું કે, સભ્ય દેશો વચ્ચે 'યુરોપિયન પીસ ફેસિલિટી'ના ૬.૬ અબજ યુરોના ફંડની વહેંચણી અંગે સમજૂતી થઈ છે. આ નિર્ણયને કારણે સંરક્ષણ સાધનોની ખરીદી માટે ઓછામાં ઓછું ૧ અબજ યુરોનું નવું ફંડ ઉપલબ્ધ થશે. આ આર્થિક મદદથી યુરોપિયન દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સહયોગ મજબૂત બનશે અને યુક્રેનને મળતી સુરક્ષા સહાયમાં પણ મોટો વધારો થશે.




યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ જણાવ્યું કે, રવિવારે દેશના વિવિધ વિસ્તારોમાં કલાકો સુધી એર સ્ટ્રાઈકના સાયરન વાગતા રહ્યા હતા. એક એલર્ટ તો સતત ૯ કલાકથી પણ વધુ સમય સુધી ચાલ્યું હતું. રવિવારથી શરૂ થયેલો હુમલાઓનો આ સિલસિલો સોમવાર સવાર સુધી યુક્રેનના વિવિધ શહેરોમાં સતત ચાલુ રહ્યો હતો.વિદેશ મંત્રી સિબિહાના જણાવ્યા અનુસાર, નાગરિકોના જીવ બચાવવા માટે યુક્રેનને તાત્કાલિક મજબૂત એર ડિફેન્સ અને રશિયા પર આંતરરાષ્ટ્રીય દબાણની જરૂર છે. રશિયાના તાજેતરના હુમલાઓમાં ભારે નુકસાન થયું છે. કિવ (રાજધાની)માં ૨ કિન્ડરગાર્ટન, ૨ શાળાઓ અને ૧ રહેણાંક ઈમારત ક્ષતિગ્રસ્ત.સાઉદી અરેબિયાના રાજદૂતના નિવાસસ્થાન તરીકે વપરાતી ઈમારત પર હુમલો.તેમજ નિપ્રોમાં એક સ્પોર્ટ્સ સ્કૂલ અને સુમીમાં ચિલ્ડ્રન્સ હોમને ભારે નુકસાન પહોંચ્યું છે.

ઐતિહાસિક ઈમારત પર બોમ્બમારો અને રેસ્ક્યુ ઓપરેશન યુક્રેનની રાજધાની કિવમાં રશિયાએ 'નેશનલ એકેડેમી ઓફ સાયન્સિસ'ની ઐતિહાસિક ઈમારત પર હવાઈ હુમલો કર્યો છે, જેના પગલે સમગ્ર ઈમારતમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટના અંગે રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સકીએ માહિતી આપતાં જણાવ્યું કે, ઘટનાસ્થળે બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ફાયર બ્રિગેડના જવાનો આગ ઓલવવાની સાથે કાટમાળ નીચે ફસાયેલા લોકોને શોધવાના પ્રયાસો કરી રહ્યા છે અને તમામ ઈમરજન્સી સેવાઓ તૈનાત કરી દેવામાં આવી છે.

# સો.મીડિયામાં સગીરોના એકાઉન્ટ ના હોવા જોઈએ : SC

## ૧૮ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે નિયંત્રણો મૂકવા અસરકારક પગલાં લેવાનો સરકારને નિર્દેશ

નવી દિલ્હી, તા.૨૮

સુપ્રીમ કોર્ટે ૧૮ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર નિયંત્રણો મૂકવા માટે અસરકારક પગલાં લેવાનો નિર્દેશ સરકારને આપ્યો છે. જોકે ચોક્કસ ઉંમર પછી તેમને એકાઉન્ટ રાખવાની મંજૂરી મળી શકે છે, પરંતુ તે માતા-પિતાની દેખરેખ હેઠળ હોવુ જોઈએ તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટે, કેન્દ્ર સરકારને સગીરો દ્વારા સોશિયલ મીડિયા એકાઉન્ટના ઉપયોગ કરવાનું બંધ થાય તે માટે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવા અનુરોધ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નિર્દેશ આપ્યો કે, સગીરોના એકાઉન્ટ્સ અંગેની હાલની વ્યવસ્થાને ભારતીય કાયદા હેઠળ કાયદેસર રીતે બંધનકર્તા અને અસરકારક બનાવવામાં આવે.

સુપ્રીમ કોર્ટે, કેન્દ્ર સરકારને એવો નિર્દેશ આપ્યો છે કે, સરકારે તમામ સોશિયલ મીડિયા કંપનીઓને સૂચનાઓ જાહેર કરી સૂચના આપે કે, ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ તેમના પોતાના એકાઉન્ટ સોશિયલ મીડિયામા બનાવી ના શકે. જોકે, એક ચોક્કસ ઉંમર પછી માતા-પિતાની દેખરેખ હેઠળ તેમને એકાઉન્ટ રાખવાની મંજૂરી આપી શકાય છે ખરી. હાલમાં 'ઈન્ટરમીડિયરી રૂલ્સ' (મધ્યસ્થી નિયમો)માં આનો ઉલ્લેખ હોવા છતાં, કોર્ટે આ વ્યવસ્થાને અસરકારક રીતે અમલમાં મૂકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો

સુપ્રીમ કોર્ટમાં 'જસ્ટ રાઈટ્સ ઓફ ચિલ્ડ્રન એલાયન્સ' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન, સગીરો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ અંગેના સુરક્ષા પગલાં પર ચર્ચા કરવામાં આવી હતી. અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ એચ.એસ. ફલકાએ દલીલ કરી હતી કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો સ્વતંત્ર રીતે કરાર કરી શકતા નથી, તેમ છતાં તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના નિયમો અને શરતો સ્વીકારીને એકાઉન્ટ બનાવે છે.



### માતા-પિતાની દેખરેખ હેઠળ એકાઉન્ટ્સ માટેની વ્યવસ્થા

કોર્ટે કેન્દ્રને કહ્યું કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે સ્વતંત્ર રીતે કરાર કરતા અટકાવતા નિયંત્રણને 'ઈન્ટરમીડિયરી રૂલ્સ' હેઠળ કાયદાકીય માન્યતા આપવા અંગે વિચારણા કરવામાં આવે. અરજીમાં એવી વ્યવસ્થાની પણ માંગ કરવામાં આવી હતી કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આવા પ્લેટફોર્મથી સંપૂર્ણપણે દૂર રાખવાને બદલે, માતા-પિતા અથવા કાયદેસરના વાલીઓની સંમતિ અને દેખરેખ હેઠળ ડિજિટલ પ્લેટફોર્મનો મર્યાદિત ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવે. હાલની વ્યવસ્થા શું છે? હાલના ઈન્ટરમીડિયરી નિયમો હેઠળ, સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ માટે ઘણા નિયમો છે, જોકે, અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સગીરોને એકાઉન્ટ બનાવતા અટકાવવા માટે કોઈ અસરકારક કે સમાન વય-ચકાસણી પદ્ધતિ નથી. કોર્ટે અગાઉ સગીરોની ઓનલાઈન સુરક્ષા અંગેની માર્ગદર્શિકાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સપ્ટેમ્બરમાં થયેલી સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું હતું કે ભારતમાં આ બાબતે સુરક્ષાના પગલાં અમલમાં હોવા જોઈએ.

# બોગસ કોલસેન્ટર કૌભાંડ SITના હવાલે

## ૪૦ કરોડની ૧૨૮ વીઘા જમીન પચાવી પાડનાર અલ્પેશ દોંગા-અક્ષિત ગેંગ સામે SITની રચના

રાજકોટ, તા.૨૮

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવેલા રાજ્યવ્યાપી બોગસ કોલ સેન્ટર અને લોન કૌભાંડમાં રોજબરોજ નવા અને ચોંકાવનારા ખુલાસાઓ થઈ રહ્યા છે. કુખ્યાત અલ્પેશ દોંગા અને અક્ષિત અકબરીની ગેંગ દ્વારા છેતરાયેલા વધુ ૧૫ જેટલા ખેડૂતોએ જિલ્લા પોલીસ વડા (એસપી) વિજયસિંહ ગુર્જર સમક્ષ રૂબરૂ હાજર થઈને પોતાની કરુણ આપવીતી વર્ણવી છે. ''બાલાજી લોન હાઉસ'' અને ''ગીતા ચેરીટેબલ ટ્રસ્ટ'' જેવી બોગસ પેઢીઓ ઊભી કરીને આ આરોપીઓ નિર્દોષ ખેડૂતોને નજીવી લોન આપવાની લાલચ આપતા હતા અને ત્યારબાદ તેમની કરોડો રૂપિયાની કિંમતી જમીનો સાટાખતના બહાને પચાવી પાડતા હતા. આ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને રૂરલ એસપી દ્વારા એક વિશેષ તપાસ ટીમ સીટની રચના કરવામાં આવી છે. આ એસઆઈટી, એફએસએલ અને સાયબર સેલની સંયુક્ત તપાસમાં અત્યાર સુધીમાં ૨૪ જેટલા દસ્તાવેજો વેરીફાઈ થતાં આરોપીઓએ અંદાજે ૪૦ કરોડ રૂપિયાની કિંમત ધરાવતી ૧૨૮ વીઘા જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવી લીધો હોવાનો મસમોટો પર્દાફાશ થયો છે. ભોગ બનનાર ખેડૂતોએ ગ્રામ્ય એસપી સમક્ષ રજૂઆત કર્યા બાદ હવે વધુ ૪ નવી ફરિયાદો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે, જેમાં ૩ ફરિયાદો કાલાવડમાં અને ૧ ફરિયાદ ગોંડલમાં નોંધાશે. ખેડૂતોના જણાવ્યા મુજબ આશરે ૪૦ થી ૪૫ કરોડ રૂપિયાની જમીન આ સંગઠિત ગેંગ દ્વારા પચાવી પાડવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ છે.

રાજકોટ રૂરલ પોલીસે નાનામવા નજીક આવેલા ટ્વીન સ્ટાર કોમ્પ્લેક્સમાં તેમજ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી ઓફિસમાં મોડીરાત્રે ઓચિંતો અને સપાટાબંધ દરોડો પાડ્યો હતો. આ મેગા રેડ દરમિયાન પોલીસે કોલિંગ માટે વપરાતા ૧૪ એન્ડ્રોઇડ સ્માર્ટફોન, કમ્પ્યુટર સી.પી.યુ., વાઇ-ફાઇ રાઉટર, અનેક નવા-જૂના સિમકાર્ડ્સ અને કોલ રેકોર્ડની નોંધવાળી શંકાસ્પદ ડાયરીઓ કબજે કરી હતી. આટલું જ નહીં, રાજકોટ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમદાવાદ, બનાસકાંઠા અને મહેસાણા સહિત ૮ જિલ્લાના ૩૨ જેટલા જમીન માલિકોના ૭/૧૨, ૮-અ, હક્કપત્રક, બોજા પત્રક, ઓળખ પુરાવાઓની નકલો તેમજ જુદા જુદા ખાતેદારોના સહીવાળા કોરા ચેક પણ જપ્ત કરવામાં આવ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ કોલ સેન્ટરના ચોપડામાંથી ૪,૮૦૦ જેટલા સંભવિત ખેડૂતોના મોબાઈલ નંબરની લાંબી યાદી મળી આવી છે, જેના આધારે પોલીસ આ દિશામાં ખૂબ જ ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે.




### ખેડૂતોને ફસાવવા માટે મોડસ ઓપરેન્ડી

પોલીસની ઝીણવટભરી તપાસમાં સામે આવ્યું છે કે અલ્પેશ દોંગાની આ શાતિર ગેંગ મુખ્યત્વે પટેલ ખેડૂતોને જ પોતાના સોફ્ટ ટાર્ગેટ બનાવતી હતી. ખેડૂતોનો વિશ્વાસ કેળવવા માટે કોલ સેન્ટરમાં નોકરી કરતી ટેલી કોલર યુવતીઓના અસલી નામ બદલાવીને તેમની પાછળ 'પટેલ' અટક લગાવી દેવામાં આવતી હતી અને ત્યારબાદ ખેડૂતો સાથે મીઠી વાતો કરાવવામાં આવતી હતી. ખેડૂતો આ માયાવી જાળમાં ફસાય એટલે મુખ્ય સૂત્રધાર અલ્પેશ દોંગા પોતાની વાકચાતુર્યથી સાવ સસ્તા વ્યાજની લોનનું પ્રલોભન આપતો હતો અને સાટાખત તથા દસ્તાવેજો કરાવી લેતો હતો. થોડા સમય બાદ તે જમીન બારોબાર થર્ડ પાર્ટીના નામે ટ્રાન્સફર કરી દેવામાં આવતી હતી. અલ્પેશ સામે અત્યાર સુધીમાં ૧૩ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

### પડધરીના વેપારી અને અન્ય ખેડૂતોની હચમચાવી દેતી આપવીતી

પડધરી પોલીસ મથકે નોંધાયેલા એક કેસની વિગત મુજબ, સરપદડ ગામના એક યુવાન વેપારીને નાણાંની તાતી જરૂરિયાત હોવાનો ગેરલાભ ઉઠાવી આરોપીઓએ માત્ર ૫.૫૦ લાખ રૂપિયાની લોન સામે સાટાખતના બહાને ૯ વીઘા ખેતીની જમીનનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધો હતો. ત્યારબાદ ઊંચું વ્યાજ અને જાનથી મારી નાખવાની ભયાનક ધમકીઓ આપીને કુલ ૧.૦૭ કરોડ રૂપિયા બળજબરીપૂર્વક પડાવી લીધા હતા. આ ગુનામાં મુખ્ય સૂત્રધાર અલ્પેશ ગોપાલ દોંગા, અક્ષિત અકબરી ઉર્ફે હેપી પટેલ, ચંદ છગન વીરડીયા, પીયૂષ વીરડીયા અને વચેટીયા હિરેન લુણાગરીયા સામે સત્તાવાર ગુનો નોંધાયો છે. અન્ય એક ભોગ બનનાર પરેશભાઈ વલ્લભભાઈ સોજીત્રા નામના ખેડૂતે પણ અત્યંત ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, તેમની ૫ કરોડ રૂપિયાની કિંમતી જમીન પર માત્ર ૨.૫ ટકાના નજીવા વ્યાજ લેખે ૨૦ લાખ રૂપિયાની લોન આપવાની લાલચ આપવામાં આવી હતી. આ લાલચમાં લાવીને તેમની પાસેથી ૭/૧૨, ઓળખ પુરાવાના દસ્તાવેજો અને ફોટા મેળવી લેવાયા હતા અને માત્ર લખાણ કરાવવાના બહાને આખી જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો. જ્યારે આ ખેડૂત પાક ધિરાણ મેળવવા માટે ૭/૧૨ ની નકલ કઢાવવા ગયા ત્યારે તેમને જાણવા મળ્યું કે જમીનમાં તો વાઘુભાઈ વીરાભાઈ ડાંગરનું નામ બોલી રહ્યું છે. આ બાબતે રજૂઆત કરવા જતાં આરોપીઓએ એવી ધમકી આપી હતી કે જો પોલીસ ફરિયાદ કરશે તો એક વીઘો જમીન પણ પાછી નહીં મળે.

### કાયદાકીય ગુંચવણ અને 'ગુજસીટોક' હેઠળ સકંજો કસવાની તૈયારી

પડધરી પોલીસે આરોપીઓને નીચલી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરી હતી, પરંતુ આ ગુનો વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ વચ્ચેના સમયગાળાનો હોવાથી કોર્ટે રિમાન્ડ નામંજૂર કર્યા હતા. જોકે, ત્યારબાદ રૂરલ પોલીસે અમદાવાદ અને રાજકોટ સ્થિત કોલ સેન્ટરો પર ઓચિંતા દરોડા પાડીને મોટાપાયે વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરતા, પોલીસે હવે સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરીને રિમાન્ડ મેળવવાની કાનૂની તજવીજ સઘન બનાવી છે. આ ઉપરાંત રાજકોટ ક્રાઇમ બ્રાન્ચના ડીસીપી જગદીશ બાંગરવાની રાહબરી હેઠળ પણ તપાસનો ધમધમાટ તેજ કરી દેવાયો છે. પોલીસની પ્રાથમિક આશંકા મુજબ સમગ્ર રાજ્યમાં ૧૫૦ થી વધુ નિર્દોષ ખેડૂતો આ ખતરનાક ટોળકીનો ભોગ બન્યા છે. આ આંતરરાજ્ય ગેરકાયદે નેટવર્કમાં કેટલાક કોલેજ સંચાલકો, મોટા રાજકીય આગેવાનો અને નામાંકિત ઉદ્યોગપતિઓ દ્વારા પોતાનું બ્લેક મની રોકવામાં આવ્યું હોવાની પણ જોરદાર ચર્ચા ચાલી રહી છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને પોલીસ હવે આ સમગ્ર ટોળકીના મૂળ સુધી પહોંચવા અને તેમની સામે 'ગુજસીટોક' જેવા કડક કાયદા હેઠળ સકંજો કસવા માટે મજબૂત પુરાવાઓ એકત્રિત કરી રહી છે.

---

### અક્ષર માર્ગ પર રહેતી મહિલાએ મહિલા પોલીસમાં ફરિયાદ કરતા માં-દીકરાની શોધખોળ

## પાઈલોટ પતિ-સાસુ સામે શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ

રાજકોટ, તા.૨૮

શિવધારા-૨ ચીત્રકુટ ધામ સોસાયટી, અક્ષર માર્ગ પર રહેતા કિંજલબેન અનિકેતસિંહ સોલંકીએ તેમના ઇન્ડિગો એર લાઈન્સમાં પાઇલોટ તરીકે ફરજ બજાવતા અને 'ટી ૮૩ સેટેલાઇટ કોમલેક્ષ, બી-સાઇડ કર્ણાવતી બેંક, માનસી સર્કલ, સેટેલાઇટ, અમદાવાદ' પતિ અનિકેતસિંહ પ્રવિણસિંહ સોલંકી અને સાસુ ભારતીબેન પ્રવિણસિંહ સોલંકી સામે શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.



પોલીસ ફરિયાદની ટૂંકી વિગત અનુસાર, ફરિયાદી કિંજલબેન અને આરોપી અનિકેતસિંહ બંને પતિ-પત્ની થાય છે. ફરિયાદી બહેનના આક્ષેપ મુજબ પતિ અનિકેતસિંહને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાથી તેઓ અવારનવાર ઝઘડાઓ કરી મારકૂટ કરતા હતા. આ ઉપરાંત તેમના સાસુ ભારતીબેન પણ ફરિયાદી બહેનના પતિને તેમના વિરુદ્ધમાં ચઢામણી કરતા હતા અને ઘરમાં ઝઘડાઓ કરાવતા હતા. આ કારણોસર ફરિયાદી બહેનને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આમ, ઉપરોક્ત બંને આરોપીઓએ ભેગા મળીને ફરિયાદી બહેન સાથે અવારનવાર મારકૂટ કરી, ઝઘડાઓ કરી શારીરિક-માનસિક ત્રાસ આપીને ગુનો આચર્યો હોવાની વિગતો ફરિયાદમાં નોંધવામાં આવી છે. મહિલા પોલીસમાં ગુનો નોંધાવતા વધુ તપાસ પીએસઆઈ. બી.આર. પલ્લાચરીયા દ્વારા ચલાવવામાં આવી રહી છે.

---

## ચોરાઉ બાઈક સાથે એક ઝડપાયો

### થોરાળા પોલીસ સ્ટેશનના ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાંચ

રાજકોટ, તા.૨૮

ઉપલેટાના ખારચિયા ગામે રહેતા અને અગાઉના દારૂના ચોપડે ચડી ચૂકેલા શખ્સને ચોરાઉ બાઈક સાથે ઝડપી લઈને ક્રાઈમ બ્રાંચે થોરાળા પોલીસમાં નોંધાયેલા બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) બી.બી.બસીયા દ્વારા મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વગેરે અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવ સતત પ્રયત્નશીલ હતા.

દરમિયાન ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.પી.ઝાલા ટીમ સાથે રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અમીતભાઇ ટુંડીયા, સંજયભાઇ અલગોતર, કોન્સ્ટેબલ મહાવીરસિહ જાડેજા અને કિશનભાઇ પાંભરને ચોરાઉ બાઈક સાથે એક શખ્શની બાતમી મળી હતી. જેના આધારે ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એ.એસ.ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ.જાદવ, પીએસઆઈ. ડી.પી.ઝાલા એ.એસ.આઇ. યશવંતભાઇ ભગત, હેડ કોન્સ્ટેબલ




કરણભાઇ કોઠીવાળ, રાજદીપભાઇ પટગીર, સંજયભાઇ અલગોતર, અમિતભાઇ ટુંડીંયા, પુષ્પરાજસિહ ગોહીલ, કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપરા, કિશનભાઇ પાંભર, મહાવીરસિંહ જાડેજા, પોપટભાઇ ગમારા, અને રઘુવીરસિહ જાડેજા સહિતની ટીમે ઉપલેટાના ખારચીયા ગામના રામાપીર મંદીર પાસે, રહેતા કિરણ ઉર્ફે કીલો કૌશીક રાઠોડ ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધો છે.

પોલીસે તેમની પાસેના જીજે ૦૩ ઇએમ ૬૪૨૬ નંબરના બાઈકના કાગળો માંગતા તે ચોરાઉ હોવાનું કબુલતા પલીસે ૨૦ હજારનું બાઈક કબજે કરીને, થોરાળા વિસ્તારમાંથી ચોરાયેલા બાઈકનો ગુનો ઉકેલી નાખી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગતો આપતા પોલીસે જણાવ્યું હતું કે, કિરણ સામે અગાઉ ભાયાવદર પોલીસમાં દારૂના બે કેસમાં સંડોવાઈ ચુક્યો છે. અગાઉ કોઈ બાઈક ચોરીમાં સંડોવાયો છે કે કેમ ? તે વિગતો ઓકાવવા રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

---

### મોબાઇલ આઇડી પર સટ્ટો રમતો એક પકડાયો

## લક્ષ્મીવાડીમાં ઘોડીપાસા રમતાં પાંચ પકડાઇ ગયા

રાજકોટ, તા.૨૮

જૂગારના દરોડા યથાવત રહ્યા હતાં. તિનપત્તી પછી હવે ઘોડીપાસા ચાલુ થયા હતાં. લક્ષ્મીવાડી શેરી નં. ૨/૧૬ના ખૂણે કવાટરમાં બાતમીના આધારે ભકિતનગર પોલીસે દરોડો પાડી ઘોડીપાસના જુગારરમતા પાંચને ઝડપી લઇ રૂા.૧૨,૫૦૦ ની રોકડ કબ્જે કરી હતી. ભકિતનગર પોલીસના પીએસઆઇ એચ.એસ. ગોહીલ, કોન્સ. રવીભાઇ રત્નુ સહિતના સ્ટાફે બાતમીના આધારે લક્ષ્મીવાડી શેરી નં. ૨/૧૬ના ખૂણે કવાટરમાં રહેતા પીયુષ દાનાભાઇ મગવાનીયાના કવાટરમાં દરોડો પાડ્યો હતો.

અહિ ઘોડીપાસાનો જુગાર રમતા પીયુષ ઉપરાંત અજય મગનભાઇ રાઠોડ (લક્ષ્મીવાડી કર્વાટર), સાહીદ ઇકબાલભાઇ પઠાણ (રહે ગણેશનગર, કોઠારીયા રોડ), મયુર મનોજભાઇ ચૌહાણ (રહે લક્ષ્મીવાડી કર્વાટર)અને સોહમ રોહિતભાઇ પરમાર (રહે શ્રધ્ધાપાર્ક, શ્યામ હોલ પાસે, કોઠારીયા રોડ)ને



રૂા. ૧૨,૫૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

આ ઉપરાંત પીસીબીના પીએસઆઇ પી.બી. ત્રાજીયા, એએસઆઇ હરદેવસિંહ રાઠોડ સહિતના સ્ટાફે મંગળા મેઇનરોડ પર મનહર પ્લોટ શેરી નં.૪માં રૂચી એપાર્ટમેન્ટ પાસે ફોનમાં આઇ.ડી. વડે ઓનલાઇન જુગાર રમતા મોહીત જયેશભાઇ ગણાત્રા (રહે મનહર સોસાયટી, પંચવટી એપાર્ટમેન્ટ)ને પકડી રૂા. ૮૦ હજારનો ફોન કબ્જે કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

---

# નકલી નોટો છાપવાના કૌભાંડમાં એક ઝડપાયો

## SOG અને ક્રાઇમ બ્રાન્ચની સંયુક્ત કાર્યવાહી : મોબાઈલ, પ્રિન્ટર, સ્કેનર મળી ૬૫૫૦૦નો મુદ્દામાલ કબજે

રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયા દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામી દેવાની કડક સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ચૌધરી તથા ડી.સી.બી. ના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એસ. ચાવડા અને એમ.એલ. ડામોરના માર્ગદર્શન હેઠળ એક સઘન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં એસ.ઓ.જી. ના પી.એસ.આઈ. એમ.વી. જાડેજા તથા ક્રાઇમ બ્રાન્ચના પી.એસ.આઈ. એ.એન. પરમારની ટીમ સતત વોચ રાખી રહી હતી.

કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા અને યોગરાજસિંહ ગોહિલને મળેલી ચોક્કસ બાતમીના આધારે ૨૮મી સપ્ટેમ્બરના રોજ રાજકોટના ભાવનગર રોડ પર આવેલા માંડા ડુંગર વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં શ્યામ કિરણ પાર્ક શેરી નંબર ત્રણમાં હિંગળાજ પ્રોવિઝન સ્ટોરની સામે આવેલા એક રહેણાંક મકાનમાંથી ભારતીય ચલણની બનાવટી નોટો બનાવતા કીશન ભુપેન્દ્ર સોલંકી નામના ત્રીસ વર્ષીય આરોપીને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. પકડાયેલા આ આરોપી સામે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં વિધિવત ગુનો રજીસ્ટર કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.




### નકલી નોટો અને પ્રિન્ટિંગ સામગ્રીનો મસમોટો મુદ્દામાલ જપ્ત

પકડાયેલા આરોપીના ઘરેથી પોલીસે મોટી માત્રામાં શંકાસ્પદ સામગ્રી કબજે કરી છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૧૦૦ના દરની ૨૧૬ નકલી નોટો અને રૂપિયા ૫૦૦ના દરની ૩ નકલી નોટો મળી આવી છે. આ ઉપરાંત નોટો છાપવા માટે વપરાતું આઇવૂમી કંપનીનું સીપીયુ, વાયર સાથેનું મોનિટર, ૨૦ હજાર રૂપિયાની કિંમતનું કેનન કંપનીનું પ્રિન્ટર કમ સ્કેનર, ૧૫ હજારનું એચપી કંપનીનું પ્રિન્ટર અને લેમિનેટર હીટર મશીન પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસે સ્થળ પરથી નોટ છાપવા માટેનું ૨૮ નંગ બટર પેપર, સો રૂપિયાના દરની પ્રિન્ટ વાળા કાગળો, એક આધારકાર્ડ અને એપલ કંપનીનો ૨૦ હજારનો મોબાઈલ ફોન મળીને કુલ ૬૫,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

### આરોપીનો અગાઉનો ગુનાહિત ઈતિહાસ

નકલી નોટો છાપવાના ગંભીર ગુનામાં પકડાયેલો કીશન ભુપેન્દ્ર સોલંકી અગાઉ પણ પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. પોલીસ તપાસમાં ખૂલેલી વિગતો અનુસાર આ આરોપી સામે અગાઉ વર્ષ ૨૦૧૮માં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(ઈ) અને ૧૧૬(બી) હેઠળ ગુનો નોંધાયેલો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૨માં પણ રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ તેની સામે ગુનો દાખલ થઈ ચૂક્યો છે. હાલ પોલીસ આ નકલી નોટોના નેટવર્કમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ આગળ ધપાવીને કિશન ભુપેન્દ્ર સોલંકીને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

### મતદારોના નામ મતદાર યાદીમાંથી કપાવાના મામલે સમગ્ર દેશનું રાજકારણ ગરમાયું

# વોટ ચોરીના આક્ષેપ સાથે કોંગ્રેસ આક્રમક

## રાજકોટમાં મુખ્ય ચૂંટણી કમિશનરનું મુખોટું પહેરાવી અનોખો વિરોધ : સરદાર પટેલની પ્રતિમાથી કલેક્ટર કચેરી સુધી વિરોધ માર્ચ

રાજકોટ, તા. ૨૮

દેશભરમાં સ્પેશિયલ સમરી રિવિઝન (SIR) ની પ્રક્રિયા દરમિયાન અંદાજે ૧૩ કરોડ જેટલા વૈધ મતદારોના નામ મતદાર યાદીમાંથી કપાવાના મામલે સમગ્ર દેશનું રાજકારણ ગરમાયું છે. કેન્દ્રના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની માગણી સાથે દેશભરમાં જનાક્રોશ જોવા મળી રહ્યો છે અને કોંગ્રેસ દ્વારા આજે ૨૮ સપ્ટેમ્બરે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો યોજવામાં આવ્યા છે. આ કડીના ભાગરૂપે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા પણ એક અત્યંત અનોખો, આક્રમક અને સાંકેતિક વિરોધ કાર્યક્રમ યોજીને કલેક્ટર કચેરી સુધી માર્ચ કાઢવામાં આવી હતી. રાજકોટમાં આયોજિત આ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના એક યુવા કાર્યકરને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું મુખોટું પહેરાવવામાં આવ્યું હતું અને તેને દોરડાથી બાંધીને કલેક્ટર કચેરી સુધી પકડી લાવવામાં આવ્યો હતો. આ અનોખા દ્રશ્યને જોવા માટે રસ્તાઓ પર લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા અને




કોંગ્રેસી કાર્યકરોએ 'લોકશાહી બચાવો' અને 'વોટ ચોરી બંધ કરો'ના નારાઓ સાથે વાતાવરણ ગજવી મૂક્યું હતું.

આ સમગ્ર મામલે આકરા પ્રહારો કરતા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશની અંદર ચૂંટણી કમિશનર દ્વારા SIR ની કામગીરી કરવામાં આવી, જેમાં દેશના ૧૩ કરોડથી વધુ સાચા અને વૈધ નાગરિકોના નામો મતદાર યાદીમાંથી દૂર કરી દેવામાં આવ્યા છે અને તેની જગ્યાએ બોગસ એટલે કે ભૂતિયા નામો ચડાવી દેવાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. જ્યારે આ જટિલ પ્રક્રિયા ચાલતી હતી, ત્યારે જ લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ દ્વારા આનો સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

પરંતુ હવે આ સમગ્ર કૌભાંડમાં એક અત્યંત ચોંકાવનારો અને ગંભીર વળાંક સામે આવ્યો છે. ચૂંટણી પંચના જ અન્ય બે કમિશનરોએ સ્વીકાર્યું છે કે તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની આવી તાનાશાહી પૂર્ણ નીતિ સામે ૧૪ વખત લેખિતમાં ફરિયાદો કરી હતી. આ બંને કમિશનરોના જણાવ્યા મુજબ, મુખ્ય ચૂંટણી કમિશનરે અન્ય કમિશનરોને કોઈપણ પ્રકારના વિશ્વાસમાં લીધા વિના જ પોતાની રીતે અંદાજે ૧૩ કરોડ નામો કાઢી નાખવાનું આ ગંભીર કામ કર્યું હતું.

રાજકોટ ખાતે યોજાયેલા આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના તમામ હોદ્દેદારો અને કાર્યકરો સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ખાતે એકત્રિત થયા હતા અને ત્યાંથી પગપાળા માર્ચ કરીને કલેક્ટર કચેરી સુધી પહોંચ્યા હતા. કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને કોંગ્રેસ પક્ષ દ્વારા સ્પષ્ટ અને અસ્પષ્ટ શબ્દોમાં માગણી કરવામાં આવી.

### વિપક્ષના આક્ષેપો સામે રાજકોટ કમલમથી ભાજપનો પલટવાર

કોંગ્રેસ દ્વારા દેશભરમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે શરૂ કરવામાં આવેલા આક્રમક વિરોધ પ્રદર્શન અને ૧૩ કરોડ મતદારોના નામ હટાવવાના આક્ષેપો સામે ભારતીય જનતા પાર્ટીએ પણ રાજકોટથી આકરો પલટવાર કર્યો છે. રાજકોટ શહેર ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં મેયર નેહલ શુક્લે કોંગ્રેસના તમામ આક્ષેપોને સખત શબ્દોમાં નકારી કાઢતા ખુલાસો કર્યો હતો.મેયર નેહલ શુક્લે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ માત્ર એક પત્રને આધારે ખોટો મુદ્દો ઉછાળીને દેશની જનતાને ગુમરાહ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, ચૂંટણી પંચના ત્રણેય ચૂંટણી કમિશનરોએ પોતે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને આ બાબતે સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે અને કોંગ્રેસના દાવાઓનું ખંડન કર્યું છે. આમ છતાં, વિપક્ષ દ્વારા રાજકીય લાભ ખાટવા માટે પાયાવિહોણી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. ભાજપ નેતાગીરીએ આક્ષેપ કર્યો હતો કે, દેશની જનતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વધી રહેલી લોકપ્રિયતા અને સ્વીકાર્યતા સામે કોંગ્રેસ રાજકીય રીતે ટકી શકતી નથી. વડાપ્રધાન મોદીનો સીધો સામનો કરવામાં નિષ્ફળ નીવડેલી કોંગ્રેસ હવે નિરાશામાં આવીને દેશની સૌથી વિશ્વસનીય અને સ્વાયત્ત બંધારણીય સંસ્થા એવા 'ચૂંટણી પંચ'ની ગરિમાને ઠેસ પહોંચાડવાના અને તેના પર ઝીંકવાના ખોટા પ્રયાસો કરી રહી છે.

### ડ્રોન-AI પણ વામણા સાબિત થયા, ભાદરવાના તાપ વચ્ચે ડેંગ્યુ-વાયરલનો કેર

# હાઈટેક તંત્ર સામે મચ્છરોનો પડકાર



રાજકોટ, તા. ૨૮

રાજકોટ શહેરમાંથી ચોમાસાની વિધિવત વિદાયના એંધાણ વચ્ચે હવે હવામાનમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન ભાદરવાનો આકરો તાપ અને અસહ્ય ઉકળાટ તો બીજી તરફ વહેલી સવારે ગુલાબી ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. હવામાનના આ બેવડા સ્પેલ વચ્ચે શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મચ્છરોના પ્રજનન સ્થાનો અને ઉપદ્રવ શોધવા માટે ડ્રોન કેમેરા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવી અત્યાધુનિક ટેકનોલોજી મેદાને ઉતારવામાં આવી છે, છતાં પણ 'ટ્રીટમેન્ટ પ્રૂફ' બની ગયેલા મચ્છરો સામે આ તમામ હાઈટેક ઉપાયો વામણા સાબિત થઈ રહ્યા છે. છેલ્લા અઠવાડિયામાં જ શહેરમાં ખતરનાક ગણાતા ડેંગ્યુના કેસોમાં એકાએક મોટો ઉછાળો નોંધાયો છે, જેણે તંત્ર અને નાગરિકો બંનેની ચિંતામાં વધારો કર્યો છે.

આરોગ્ય અને મેલેરિયા શાખાના સત્તાવાર આંકડાઓ મુજબ, તારીખ ૨૧ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બર સુધીના માત્ર એક જ અઠવાડિયામાં ડેંગ્યુના નવા ૪ દર્દીઓ નોંધાયા છે. ચાલુ વર્ષ ૨૦૨૬ના કોઈ એક સપ્તાહમાં ડેંગ્યુના આટલા કેસ સામે આવ્યા હોય તેવી આ પ્રથમ ઘટના છે. આ ઉપરાંત, લાંબા સમય પછી ચિકનગુનિયાનો પણ ૧ પોઝિટિવ કેસ ચોપડે ચડ્યો છે. માત્ર મચ્છરજન્ય જ નહીં, પરંતુ હવામાનના પલટાને કારણે વાયરલ ઈન્ફેક્શનના કેસો પણ ઘર-ઘરમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા સાત દિવસમાં શહેરમાં શરદી-ઉધરસના ૮૨૪, સામાન્ય તાવના ૭૧૯, ઝાડા-ઉલટીના ૧૮૪ અને ટાઇફોઇડના ૨ કેસ મળીને કુલ ૧,૭૩૪ દર્દીઓ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે પહોંચ્યા છે.

બીજી તરફ, રોગચાળાને નાથવા માટે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા વાહક નિયંત્રણની કામગીરી પણ યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે. આરોગ્ય ટીમો દ્વારા અઠવાડિયા દરમિયાન શહેરના કુલ ૧,૩૧,૫૩૦ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે, જ્યારે ૬૮૪ ઘરોમાં હેન્ડ ફોગિંગ કરવામાં આવ્યું છે. જે વિસ્તારોમાં મચ્છરોની ઘનતા વધુ જણાઈ છે ત્યાં 'વહિકલ માઉન્ટેડ ફોગિંગ મશીન' વડે ધુમાડો છોડીને મચ્છરોનો નાશ કરવાની કોશિશ કરાઈ રહી છે. આ ઉપરાંત સંવેદનશીલ સોસાયટીઓ, જાહેર રસ્તાઓ અને ભીડભાડ વાળી જગ્યાઓને ફોગિંગ કવરેજ હેઠળ આવરી લેવામાં આવી છે.

તંત્ર દ્વારા ડ્રોન અને એઆઈ સર્વેલન્સ દ્વારા મચ્છરોના ઉત્તપત્તિ સ્થાનો શોધવાની ઝુંબેશ દરમિયાન શહેરની ૩૨૩ મિલકતોની આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન રહેણાંક વિસ્તારોમાં ૨૩૫ અને કોમર્શિયલ આસામીઓમાંથી ૭૦ જગ્યાએ મચ્છરોના પોરા (લાાર્વા) મળી આવતા સંબંધિત મિલકતધારકોને દંડકીય નોટિસ ફટકારવામાં આવી છે. તંત્ર દ્વારા નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના ઘરમાં કે આસપાસ પાણી ભરાઈ ન રહેવા દે અને રવિવાર કે અનુકૂળ દિવસે 'ડ્રાય ડે' ઉજવીને કન્ટેનરો સાફ રાખે, જેથી આ ડબલ ઋતુમાં બીમારીઓથી બચી શકાય.

# રાજ્ય સરકાર-કર્મચારીઓ ગ્રેડ-પેની જંગમાં સામસામે

## વર્ગ-૩ના સર્વેયરોની બેમુદતી હડતાલ આઠમા દિવસે પણ યથાવત માપણી, રી-સર્વે અને નકશા સહિતની તમામ કામગીરી ઠપ્પ

રાજકોટ, તા. ૨૮

રાજ્યભરના જમીન દફ્તર ખાતાના વર્ગ-૩ના સર્વેયરો અને કર્મચારીઓ પોતાના વ્યાજબી ગ્રેડ-પે સુધારાની માંગણી સાથે બેમુદતી હડતાલ પર ઊતરી જતાં આજે આંદોલન આઠમા દિવસમાં પ્રવેશ્યું છે. એક તરફ આ આંદોલનને પગલે સમગ્ર રાજ્યની જમીન માપણી, રી-સર્વે, ટીપ્પણ અને નકશા મેળવવા સહિતની તમામ અગત્યની કાનૂની અને મહેસૂલી કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે, તો બીજી તરફ કર્મચારી મંડળ અને રાજ્ય સરકાર વચ્ચેનું ઘર્ષણ હવે ચરમસીમાએ પહોંચ્યું હોય તેમ બંને પક્ષોમાંથી એકપણ પક્ષ નમતું જોખવા તૈયાર નથી.



લેન્ડ રેકોર્ડ વર્ગ-૩ના રાજ્ય કક્ષાના મંડળના પ્રમુખ વિજય રાવલે પરિસ્થિતિ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, ગ્રેડ-પે સુધારાની મુખ્ય માંગણી સંદર્ભે સેટલમેન્ટ કમિશનર તેમજ એસીએસ (મહેસૂલ) સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકો સંપૂર્ણપણે નિષ્ફળ અને પરિણામવિહીન રહી છે. આજે હડતાલનો આઠમો દિવસ હોવા છતાં સરકારે કર્મચારીઓની વાજબી માંગણીઓ પ્રત્યે કોઈ જ સકારાત્મક ધ્યાન આપ્યું નથી. પરિણામે, મંડળે મક્કમ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી રાજ્ય સરકાર વર્તમાન ગ્રેડ-પેમાં સુધારાનો સત્તાવાર ઠરાવ મંજૂર નહીં કરે ત્યાં સુધી આ આરપારની હડતાલ કોઈપણ સંજોગોમાં સમેટાશે નહીં.

આ આંદોલનની પૃષ્ઠભૂમિ તપાસીએ તો, જમીન દફતર ખાતાના વર્ગ-૩ના કર્મચારીઓના મુખ્ય પડતર પ્રશ્નો અંગે અગાઉ વર્ષ ૨૦૨૪માં પણ મોટું આંદોલન કરવામાં આવ્યું હતું. જોકે, તે સમયે રાજ્ય સરકાર દ્વારા તમામ પડતર પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા બાબતે હકારાત્મક વલણ દાખવી મૌખિક બાંહેધરી આપવામાં આવતા કર્મચારીઓએ પ્રજાલક્ષી કામગીરી અટકાવ્યા વિના આંદોલન મોકૂફ રાખ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં ખુદ ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા સીનિયર સર્વેયર તેમજ સર્વેયર કેડરના પ્રવર્તમાન ગ્રેડ-પેમાં વધારો કરવા અંગે સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવામાં આવી હતી. આમ છતાં, સૈદ્ધાંતિક મંજૂરી મળ્યાને આજે એક વર્ષ કરતાં પણ વધુ સમય વિતી જવા છતાં સરકારે ગ્રેડ-પેમાં સુધારાનો ઠરાવ બહાર પાડ્યો નહોતો.

સરકારના આ વિલંબકારી વલણ સામે જમીન દફ્તર ખાતાના વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા ગત ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રીને લેખિત પત્ર પાઠવીને દિન-૩૦માં આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા આખરી અલ્ટીમેટમ આપ્યું હતું. જોકે, નિર્ધારિત સમયમર્યાદામાં પણ કોઈ જ સકારાત્મક નિરાકરણ ન આવતાં મંડળે ગાંધીચિંધ્યા માર્ગે તબક્કાવાર આંદોલન શરૂ કર્યું હતું. જે અંતર્ગત રાજકોટ જિલ્લા સહિત સમગ્ર રાજ્યના જમીન દફતર ખાતાના સીનિયર સર્વેયર, સર્વેયર અને ક્લાર્ક સંવર્ગના તમામ કર્મચારીઓ ૧૧ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર સુધી 'પેન ડાઉન' હડતાલ પર રહ્યા હતા. ત્યારપછી ૧૯ સપ્ટેમ્બરે તમામ કર્મચારીઓએ એકસાથે માસ સી.એલ. મૂકી વિરોધ નોંધાવ્યો હતો અને આખરે ૨૧ સપ્ટેમ્બરથી તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની બેમુદતી હડતાલ પર ઉતરી ગયા છે.

બીજી તરફ, આ હડતાલને આકરા હાથે ડામી દેવા માટે તંત્રે પણ કમર કસી છે. તાજેતરમાં જ રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા આ અંગે કડક વલણ અપનાવતા જણાવવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારના સ્પષ્ટ આદેશો બાદ હડતાલ પર ગયેલા તમામ કર્મચારીઓ સામે 'નો વર્ક, નો પે' હેઠળ પગાર કાપ તથા સર્વિસ બ્રેક સહિતના આકરા શિસ્તભંગના પગલાં ભરવામાં આવશે.

### આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં 'સૌની યોજના' મારફતે અપાતું નર્મદાનું પાણી અસ્થાયી ધોરણે બંધ

# નર્મદા કેનાલનું સમારકામ શરૂ : બે દિ'નો પાણીકાપ

## ગુરુવારથી આજી અને ન્યારી ડેમમાં પહેલાં કરતાં બમણું પાણી ઠાલવવાશે

રાજકોટ, તા. ૨૮

રાજકોટ શહેરમાં હજુ માંડ સપ્તાહ અગાઉ નર્મદા પાઈપલાઈનમાં સર્જાયેલી ખામી અને તેના મેન્ટેનન્સના કારણે સળંગ છ દિવસ સુધી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં તબક્કાવાર રીતે ધોળા દિવસે પાણીકાપનો સામનો કરવો પડ્યો હતો. ગૃહિણીઓ અને સામાન્ય નાગરિકો હજુ એ મુશ્કેલીઓમાંથી માંડ બહાર આવ્યા છે, ત્યાં જ સિંચાઈ વિભાગ દ્વારા નર્મદાના નીર અટકાવી દેવામાં આવતાં જ સમગ્ર શહેરમાં ફરી એકવાર ભારે મોટો પાણીકાપ ઝીંકાશે તેવી દહેશત વ્યાપી ગઈ હતી. જોકે, રાજકોટ મહાનગરપાલિકાના વોટરવર્ક્સ વિભાગે પરિસ્થિતિ પર તાત્કાલિક સ્પષ્ટતા કરીને નાગરિકોના શ્વાસ હેઠા બેસાડ્યા છે અને ખાતરી આપી છે કે શહેરમાં દૈનિક વિતરણ વ્યવસ્થામાં એક ટીપાંનો પણ કાપ મુકવામાં નહીં આવે.

સિંચાઈ વિભાગ દ્વારા આયોજિત નર્મદા કેનાલ રિપેરિંગ અને જાળવણીના કામ અર્થે શનિવારથી જ રાજકોટના મુખ્ય જળસ્ત્રોત ગણાતા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં 'સૌની યોજના' મારફતે અપાતું નર્મદાનું પાણી અસ્થાયી ધોરણે બંધ કરી દેવામાં આવ્યું છે. આ અંગે સિંચાઈ વિભાગ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને વિધિવત લેખિત જાણ કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, કેનાલની જાળવણી અને અતિ આવશ્યક સમારકામની આ કામગીરી આવનારા બુધવાર સુધી ચાલશે. ત્યારબાદ સ્થિતિ પૂર્વવત બનાવીને ગુરુવારથી રાબેતા મુજબ બંને જળાશયોમાં નર્મદાનીર ઠાલવવાનો ધમધમાટ પુનઃ શરૂ કરી દેવામાં આવશે.

અચાનક સૌની યોજનાનું પાણી બંધ થવાની જાણકારી બહાર આવતાં જ શહેરીજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો કે ફરીથી પાણી વગર દિવસો કાઢવાનો વારો આવશે. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોટરવર્ક્સ વિભાગે સમગ્ર ચિત્ર સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે ગભરાવાની કોઈ જરૂર નથી. હાલની સ્થિતિએ શહેરની તરસ છિપાવતા બંને મુખ્ય ડેમોમાં પૂરતો અને સમૃદ્ધ જળજથ્થો સંગ્રહાયેલો પડ્યો છે. અત્યારે આજી-૧ ડેમમાં ૨૩ ફૂટની સપાટી સાથે ૫૪૮ MCFT અને ન્યારી-૧ ડેમમાં ૧૮ ફૂટની સપાટી સાથે ૫૮૫ MCFT નો પર્યાપ્ત સ્ટોક ઉપલબ્ધ છે. મહાનગરપાલિકાના ગણતરી મુજબ, આ જળસંગ્રહ સમગ્ર રાજકોટ શહેરની આગામી બે મહિના સુધીની દૈનિક જરૂરિયાતો કોઈ પણ અડચણ વગર પૂરી કરવા માટે સંપૂર્ણપણે ક્ષમતા ધરાવે છે. તેથી વર્તમાન સંજોગોમાં શહેરમાં કોઈપણ પ્રકારનો પાણીકાપ ઝીંકવાની લગીરે જરૂરિયાત ઊભી થતી નથી.

રાજકોટ મહાનગરપાલિકાના વોટરવર્ક્સ વિભાગના કાર્યપાલક ઈજનેર કે. પી. દેથરીયાએ આ અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે, સામાન્ય દિવસો દરમિયાન સૌની યોજના અંતર્ગત આજી-૧ ડેમમાં દૈનિક ૧૦ MCFT અને ન્યારી-૧ ડેમમાં દૈનિક ૮ ખઈત્રઝ નર્મદાનું પાણી ઠાલવવામાં આવતું હતું. અત્યારે માત્ર કેનાલના ટેકનિકલ અને જરૂરી મેન્ટેનન્સ અર્થે જ આ સપ્લાય ૨ થી ૩ દિવસ માટે અટકાવવામાં આવ્યો છે.

તદુપરાંત, તેમણે નાગરિકોને આશ્વસ્ત કરતાં ઉમેર્યું હતું કે કેનાલનું રિપેરિંગ કામ પૂર્ણ થતાં જ ગુરુવારથી બંને ડેમમાં પાણીનો પુરવઠો નોંધપાત્ર રીતે વધારી દેવાશે. નુકસાન ભરપાઈ કરવા અને ડેમોનું વોટર લેવલ જાળવી રાખવા માટે ગુરુવારથી આજી-૧ ડેમમાં દૈનિક બમણું એટલે કે ૨૦ MCFT અને ન્યારી-૧ ડેમમાં દૈનિક ૧૫ MCFT પાણી ઠાલવવાનું શરૂ કરાશે. જેથી રાજકોટવાસીઓને પીવાના પાણી બાબતે ચિંતા કરવાની સહેજ પણ જરૂર નથી, શહેરના તમામ વોર્ડમાં નિયમિત અને સુચારૂ વિતરણ વ્યવસ્થા સંપૂર્ણપણે યથાવત જ રહેશે.



# ધક...ધક કરને લગા

## નાની ઉંમરે હૃદય રોગના હુમલા તનાવ-ફાસ્ટફૂડ મુખ્ય કારણ



આજના આધુનિક યુગમાં હૃદય રોગ માત્ર વૃદ્ધોની બીમારી નથી રહી. નાની વયના યુવાનો પણ હાર્ટ એટેકનો ભોગ બની રહ્યા છે. ૨૯ સપ્ટેમ્બરે ઉજવાતો 'વિશ્વ હૃદય દિવસ' આપણને

આ ગંભીર સમસ્યા પ્રત્યે જાગ્રત કરે છે.

આજના ઝડપી જીવનમાં માનસિક તનાવ ખૂબ વધી ગયો છે. યુવાનો નોકરી અને વ્યવસાયમાં સતત બિનજરૂરી દબાણ અનુભવે છે. અનિયમિત દિનચર્યા અને પૂરતી ઊંઘનો અભાવ હૃદયને નુકસાન પહોંચાડે છે. ધૂમ્રપાન અને દારૂનું સેવન હૃદય રોગના જોખમને બેવડાવે છે.

હાલના સમયમાં ફાસ્ટફૂડ અને પ્રોસેસ્ડ ફૂડનું સેવન ખૂબ વધ્યું છે. વધારે પડતું તળેલું અને જંક ફૂડ શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધારે છે. શારીરિક શ્રમ અને કસરતનો અભાવ ધમનીઓને બ્લોક કરે છે. આ તમામ બાબતો નાની ઉંમરે હાર્ટ એટેક આવવાનું મુખ્ય કારણ બને છે.

ઈલાજ કરતા વધારે જરૂરી છે કારણોનું નિવારણ. રોગ થયા પછી મોંઘી સારવાર કરાવવા કરતાં રોગને આવતો અટકાવવો વધુ ડાહપણભર્યું છે. જીવનશૈલીમાં નાનો ફેરફાર હૃદયને મોટું રક્ષણ આપી શકે છે. લીલા શાકભાજી, ફળો અને પૌષ્ટિક આહાર લેવો જોઈએ. રોજ 30 મિનિટ ચાલીને કે યોગ કરીને શરીરને સક્રિય રાખવું જરૂરી છે.

દુઃખની વાત એ છે કે ગંભીર રોગોમાં ગુજરાત અગ્રેસર બની રહ્યું છે. હૃદય રોગ, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના દર્દીઓ ગુજરાતમાં ચિંતાજનક રીતે વધી રહ્યા છે. ખોરાકની ખોટી ટેવો અને નિષ્ક્રિય જીવનશૈલી આ માટે જવાબદાર છે.

જિંદગીની આડેધડ દોડને બદલે હવે થંભવાનો અને થોડું પાછળ ચાલવાનો સમય આવી ગયો છે. આપણે આપણા પૂર્વજોની સાદી અને કુદરતી જીવનશૈલી તરફ પાછા વળવું પડશે. ઘરનું સાદુ ભોજન, સમયસર ઊંઘ અને મનની શાંતિ જ હૃદયને સ્વસ્થ રાખશે. હૃદય દિવસ પર ચાલો આપણે સૌ સંકલ્પ કરીએ. માનસિક તણાવ છોડીને ખુશહાલ જીવન જીવીએ. ફાસ્ટફૂડને 'ના' કહીએ અને કસરતને દિનચર્યાનો ભાગ બનાવીએ. તમારું સ્વસ્થ હૃદય જ તમારા પરિવારની ખરી ખુશી છે.

# કોંગ્રેસ જ્ઞાનેશ કુમારના રાજીનામા પર અડગ

## દેશભરમાં વિરોધ પ્રદર્શન; કાલે CWCની બેઠક : કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષ આ મુદ્દા પર સરકાર અને ચૂંટણી પંચ પર હુમલો

નવીદિલ્હી, તા. ૨૮

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને લઈને દેશમાં રાજકીય પરિસ્થિતિ હાલમાં ગરમ છે. ઈન્ડિયન એક્સપ્રેસના ખુલાસા બાદ, ચૂંટણી પંચ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષ આ મુદ્દા પર સરકાર અને ચૂંટણી પંચ પર હુમલો કરી રહ્યો છે. કોંગ્રેસ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી માટે દેશવ્યાપી દબાણ લાવવાની તૈયારી કરી રહી છે. પાર્ટીએ આ માટે એક સંપૂર્ણ રણનીતિ તૈયાર કરી છે. અહેવાલો અનુસાર, સોમવારે (૨૮ સપ્ટેમ્બર) કોંગ્રેસ દેશભરના તમામ જિલ્લા મુખ્યાલયો પર સરકાર અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરશે. પાર્ટીના તમામ નેતાઓ અને કાર્યકરો પ્રદર્શનમાં ભાગ લેશે. મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, સવારે ૧૦:૩૦ વાગ્યે, કોંગ્રેસ કાર્યકારી સમિતિ કોંગ્રેસ મુખ્યાલય, ઈન્દિરા ભવન ખાતે મળશે. આ બેઠક પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં યોજાશે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સહિત પાર્ટીના તમામ વરિષ્ઠ નેતાઓ બેઠકમાં હાજરી આપશે.




આ ઉપરાંત, આ મુદ્દા પર બુધવારે (૩૦ સપ્ટેમ્બર) ઈન્ડિયા એલાયન્સની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક મુખ્યત્વે પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીની પહેલ પર યોજાઈ રહી છે, જેમ કે ટીએમસી દ્વારા અહેવાલ છે. મમતા બેનર્જીએ તાજેતરમાં રાહુલ ગાંધી સાથે ફોન પર વાત કરી હતી અને તેમને અખિલ ભારતીય ગઠબંધનની બેઠક બોલાવવા વિનંતી કરી હતી. પાર્ટીના મુખ્યમંત્રી પણ સત્તાવાર રીતે જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરશે. કોંગ્રેસ મીડિયા વિભાગ દેશભરમાં પ્રેસ કોન્ફરન્સ પણ કરશે, જેમાં કથિત મતદાન ગોટાળાના આરોપો અને મુખ્ય ચૂંટણી કમિશનરના મોદી સરકાર સાથેના સંબંધો ઉઠાવવામાં આવશે.

આ ઉપરાંત, કેરળના ભૂતપૂર્વ મુખ્ય સચિવ જીજી થોમસન સામે ચૂંટણી લડવાની જ્ઞાનેશ કુમારની કથિત ઓફરનો મુદ્દો રાષ્ટ્રીય સ્તરે આક્રમક રીતે ઉઠાવવામાં આવશે. ખૂબ જ આક્રમક સોશિયલ મીડિયા ઝુંબેશ શરૂ કરવામાં આવશે. મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ અને સેવા દળ સહિત કોંગ્રેસના મોરચા સંગઠનોને નવીન પદ્ધતિઓ દ્વારા સતત વિરોધ કરવા સૂચના આપવામાં આવી છે. સંસદના શિયાળુ સત્ર પહેલાં, કોંગ્રેસ ટૂંક સમયમાં જ્ઞાનેશ કુમાર સામે મહાભિયોગની નોટિસ દાખલ કરશે. અહેવાલ છે કે આગામી સત્રમાં પાર્ટીનો એકમાત્ર મુદ્દો જ્ઞાનેશ કુમાર હશે.

સુપ્રિયા શ્રીનાતે જણાવ્યું હતું કે કેરળના ભૂતપૂર્વ મુખ્ય સચિવ જીજી થોમસને તેમને કહ્યું હતું કે જ્ઞાનેશ કુમારે તેમને ચૂંટણી લડવા માટે ભાજપની ટિકિટ ઓફર કરી હતી. તેમણે કહ્યું કે આ ઘટના ૨૦૧૬ માં બની હતી જ્યારે તેઓ ફ્લાઈટમાં હતા. જ્ઞાનેશ કુમારે ૨૦૧૯ ની લોકસભા ચૂંટણી માટે કેરળના પઠાણમથિટ્ટા મતવિસ્તારમાંથી તેમને ભાજપની ટિકિટ અપાવવાનું વચન આપ્યું હતું અને જો તેઓ સાંસદ બને તો તેમને કેન્દ્રીય મંત્રી બનાવવાનું પણ વચન આપ્યું હતું. કોંગ્રેસે જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી માટે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન, કાર્યકારી સમિતિની બેઠકો અને ઈન્ડિયા એલાયન્સની બેઠક બોલાવી છે. પાર્ટી સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહી છે.

### દીપકે એ કહ્યું હવે 'જેલો ભરો' આંદોલન થશે પોલીસે હાઈકોર્ટના આદેશનો હવાલો આપ્યો

# મુંબઈમાં ગાંધી જયંતિ : CJPના વિરોધ પ્રદર્શનને પરવાનગી નહીં





રાજકોટ, તા. ૨૮

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકેએ ૨ ઓક્ટોબરે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે મુંબઈના પ્રતિષ્ઠિત શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી હતી. જોકે, રવિવારે મુંબઈ પોલીસે તેમને પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. દીપકેએ જણાવ્યું હતું કે પોલીસના નિર્ણય બાદ, સંગઠન ગાંધી જયંતિ પર મુંબઈમાં ''જેલ ભરો'' (જેલ ભરો) આંદોલન શરૂ કરશે. દરમિયાન, મુંબઈ પોલીસે સ્પષ્ટતા કરી હતી કે, બોમ્બે હાઈકોર્ટના ૨૦૧૩ના આદેશ મુજબ, તેમને શિવાજી પાર્કમાં કોઈપણ મેળાવડાની પરવાનગી આપવાનો અધિકાર નથી. તેમની સ્પષ્ટતામાં કહેવામાં આવ્યું છે કે તે એક સાયલન્સ ઝોન છે. પોલીસે સોશિયલ મીડિયા પર શેર કરેલી એક પોસ્ટમાં જણાવાયું છે કે, હાઈકોર્ટના ૨૦૧૩ના નિર્ણય અને મહારાષ્ટ્ર સરકારના અનુગામી આદેશ મુજબ, મુંબઈ પોલીસને શિવાજી પાર્કમાં કોઈપણ મેળાવડાની પરવાનગી આપવાનો અધિકાર નથી.

પોલીસે એમ પણ જણાવ્યું હતું કે અરજદાર, અજિંક્ય શિંદેને આ અંગે જાણ કરવામાં આવી છે અને વિરોધ પ્રદર્શન માટે મુંબઈમાં બીજું સ્થાન શોધવા અને પરવાનગી માટે અરજી કરવાની સલાહ આપવામાં આવી છે, જેનો યોગ્ય રીતે વિચાર કરવામાં આવશે. ૨૫ સપ્ટેમ્બરના રોજ અભિજીત દિપકકે જણાવ્યું હતું કે, ''જો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર કાલ સુધીમાં રાજીનામું નહીં આપે, તો કોકરોચ જનતા પાર્ટી (CJP) ૨ ઓક્ટોબરે મુંબઈથી રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ કરશે અને તેને ભારતના અન્ય શહેરોમાં વિસ્તૃત કરશે. આ ગાંધી જયંતીએ, ચાલો આપણે લોકશાહી બચાવવાનો સંકલ્પ લઈએ.'' જોકે, પોલીસે વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. નારાજગી વ્યક્ત કરતા, CJP એ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''મુંબઈ પોલીસે અમારા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો છે. મતદાનના અધિકાર પછી, હવે અમારા વિરોધ પ્રદર્શનનો અધિકાર છીનવી લેવામાં આવી રહ્યો છે. જો પરવાનગી નહીં મળે, તો આ ગાંધી જયંતીએ, મહાત્મા ગાંધીના માર્ગ પર ચાલીને, CJP 'જેલ ભરો આંદોલન' શરૂ કરશે!'' મુંબઈ પોલીસે CJP ને ૨ ઓક્ટોબરે શિવાજી પાર્કમાં વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. પોલીસે હાઈકોર્ટના આદેશનો હવાલો આપ્યો હતો. CJPએ ''જેલ ભરો આંદોલન'' શરૂ કરવાની ધમકી આપી છે.





# શું ઈરાન સાથે યુદ્ધનો ખતરો?

## ટ્રમ્પનું કહેવું ચૂંટણી પહેલા થઈ શકે છે હુમલો

નવીદિલ્હી, તા. ૨૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ અંગે એક બોલ્ડ દાવો કર્યો છે. તેમણે કહ્યું કે અમેરિકા આ યુદ્ધ ખૂબ જ ટૂંક સમયમાં જીતી જશે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે અમેરિકાની મધ્યસત્ર ચૂંટણી પહેલા ઈરાન પર બીજો હુમલો થઈ શકે છે. જોકે, તેમણે હુમલો ક્યારે થશે તે સ્પષ્ટ કર્યું નથી. ટ્રમ્પે રવિવારે પીજીએ ટૂર પ્રેસિડેન્ટ્સ કપ દરમિયાન ફોક્સ ન્યૂઝ સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે યુદ્ધ સમાપ્ત થતાંની સાથે જ વૈશ્વિક તેલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થશે. તેમનું માનવું છે કે કિંમતો યુદ્ધ પહેલાના સ્તરે પહોંચી શકે છે. ટ્રમ્પે કહ્યું કે અમેરિકાનું પ્રાથમિક લક્ષ્ય ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરતા અટકાવવાનું છે. તેમણે પરમાણુ શસ્ત્રોને અટકાવવાને સમગ્ર બાબતનું સૌથી મહત્વપૂર્ણ પાસું ગણાવ્યું. જ્યારે પૂછવામાં આવ્યું કે શું મધ્યસત્ર ચૂંટણી પહેલા ઈરાન સામે બીજી લશ્કરી કાર્યવાહી થઈ શકે છે, ત્યારે ટ્રમ્પે કહ્યું, ''તે શક્ય છે,'' પરંતુ તેઓ વધુ વિગતવાર જણાવવા માંગતા ન હતા.

ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ઈરાન પર લશ્કરી દબાણ અને આર્થિક પ્રતિબંધો બંને સાથે આગળ વધી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે અમેરિકા પહેલાથી જ લશ્કરી રીતે જીતી ગયું છે, પરંતુ તેનો અર્થ એ નથી કે કાર્યવાહી બંધ થઈ ગઈ છે. ટ્રમ્પે ઈરાનના અર્થતંત્ર વિશે પણ બોલ્ડ દાવા કર્યા. તેમણે કહ્યું કે ઈરાનનું અર્થતંત્ર સંપૂર્ણપણે બરબાદ થઈ ગયું છે. તેમના મતે, ઈરાનમાં ફુગાવો લગભગ ૩૦૦% સુધી પહોંચી ગયો છે, અને આજે સવારે તેમને મળેલી માહિતીમાં જણાવાયું છે કે આ આંકડો ૩૧૮% હતો. તેમણે ઈરાનના ચલણ, અર્થતંત્ર અને સૈન્યને ગંભીર કટોકટીમાં હોવાનું વર્ણવ્યું.ઈરાન અમેરિકા સાથે યુદ્ધ ફરી શરૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે ઈરાન કયામતના દિવસના યુદ્ધ માટે પણ તૈયાર છે, જે ખૂબ મોટું અને વિનાશક યુદ્ધ છે.

અરાઘચીએ કહ્યું કે ઈરાન યુએસ મધ્યવર્તી ચૂંટણીઓ વિશે ચિંતિત નથી. તેના રાષ્ટ્રીય હિતો સર્વોપરી છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે ઈરાન રાજદ્વારી માટે તૈયાર છે અને શાંતિ માટે કોઈ તક ગુમાવવા માંગતો નથી. તેમણે કહ્યું કે ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાના ઈરાનના પ્રસ્તાવને જાહેરમાં નકારી કાઢ્યો છે, પરંતુ ઈરાનને હજુ સુધી રાજદ્વારી માધ્યમો દ્વારા આ અંગે સત્તાવાર માહિતી મળી નથી. અરાઘચીએ કહ્યું કે ઈરાન ઈચ્છે છે કે તેનું સ્થિર ભંડોળ અને સંપત્તિ પાછી આવે અને તેનું તેલ વેચવાની પરવાનગી મળે. તેમણે કહ્યું કે આ જૂનમાં હસ્તાક્ષર કરાયેલા કામચલાઉ યુદ્ધવિરામ સમજૂતીની શરતો પણ હતી. જોકે, બંને પક્ષોના હુમલાઓને કારણે આ કરાર પાછળથી તૂટી ગયો હતો.

# જાતીય સતામણી કેસમાં બ્રિજભૂષણ સિંહને નોટિસ

## મહિલા પહેલવાનોએ નિર્દોષ છૂટકારો પડકાર્યો : જાતીય સતામણી કેસમાં નિર્દોષ જાહેર કરવાના મેજિસ્ટ્રેટ કોર્ટના નિર્ણયને સેશન્સ કોર્ટમાં પડકાર્યો છે

રાજકોટ, તા.૨૮

ભારતીય રેસલિંગ ફેડરેશન (WFI) ના ભૂતપૂર્વ પ્રમુખ અને ભાજપ નેતા બ્રિજભૂષણ શરણ સિંહની મુશ્કેલીઓ ફરી વધી શકે છે. મહિલા કુસ્તીબાજોએ જાતીય સતામણીના કેસમાં ફરી એકવાર કોર્ટનો સંપર્ક કર્યો છે. બ્રિજભૂષણ સિંહને નિર્દોષ જાહેર કરવાના મેજિસ્ટ્રેટ કોર્ટના નિર્ણયને સેશન્સ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. રાઉઝ એવન્યુ કોર્ટે બ્રિજભૂષણ અને વિનોદ તોમરને આ અપીલ પર જવાબ માંગવા માટે નોટિસ જારી કરી છે. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ દિગ્વિજય સિંહે સોમવારે જવાબ માંગવા માટે નોટિસ જારી કરી હતી. મહિલા કુસ્તીબાજોનો દાવો છે કે નીચલી કોર્ટનો નિર્ણય ''રૂઢિગત અને જૂની ધારણાઓ'' પર આધારિત છે. તેઓએ ગુનાહિત ધાકધમકી આપવાના આરોપસર ઠર્ઞ્ઞી ના ભૂતપૂર્વ સહાયક સચિવ વિનોદ તોમરને નિર્દોષ જાહેર કરવાને પણ પડકાર્યો છે. કોર્ટે ૩ ઓગસ્ટના રોજ બ્રિજભૂષણ અને વિનોદ તોમરને નિર્દોષ જાહેર કર્યા હતા. આ સમગ્ર મામલો મહિલા કુસ્તીબાજો દ્વારા તત્કાલીન ઠર્ઞ્ઞી પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે દાખલ કરાયેલા જાતીય સતામણીના કેસ સાથે સંબંધિત છે. ૨૦૨૩ માં, પીડિત મહિલા કુસ્તીબાજોએ જંતર મંતર પર ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ, પોલીસે આ કેસમાં બ્રિજભૂષણ શરણ સિંહ અને અન્ય આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪, ૩૫૪અ, ૩૫૪ઉ અને ૫૦૬ હેઠળ ચાર્જશીટ દાખલ કરી.

ઓગસ્ટ ૨૦૨૬ માં, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે બ્રિજભૂષણ સિંહ અને સહ-આરોપી વિનોદ તોમર સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. પુરાવાના અભાવ અને વિરોધાભાસી સાક્ષીઓના નિવેદનોને ટાંકીને, રાઉઝ એવન્યુ કોર્ટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ACJM) એ બંનેને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા. ફરિયાદ પક્ષ આરોપોને સંપૂર્ણપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયો. કોર્ટ તરફથી નોંધપાત્ર રાહત મળ્યા બાદ, બ્રિજભૂષણ સિંહે તેને સત્યનો વિજય ગણાવ્યો. તેમણે કહ્યું હતું કે, ''મેં પહેલા જ દિવસે કહ્યું હતું કે જો મારા વિરુદ્ધ એક પણ આરોપ સાબિત થશે, તો હું ફાંસી લગાવીશ.'' હવે, ચાર મહિલા કુસ્તીબાજોએ નિર્ણયને પડકાર્યો છે. સેશન્સ કોર્ટ આગામી સુનાવણી ૯ ઓક્ટોબરે કરશે. ભૂતપૂર્વ WFI પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહની મુશ્કેલીઓ વધી શકે છે. ચાર મહિલા કુસ્તીબાજોએ જાતીય સતામણી કેસમાં તેમને નિર્દોષ જાહેર કરવાના મેજિસ્ટ્રેટ કોર્ટના નિર્ણયને પડકાર્યો છે.



### બેફામ વાહનચાલકો બની રહ્યા છે બીજા લોકો માટે જીવલેણઃ વધુ બે ઘટનામાં પરિવારના માળા વેરણછેરણ થયા

# શાપર પાસે કારખાનેદાર-યુવાનના અકસ્માતમાં મોત

## ટ્રકે ટુવ્હીલરને ઉલાળતાં રાજકોટના કારખાનેદારનું અને ટેમ્પોએ ઉલાળતાં રસ્તો ઓળંગી રહેલા શાપરના યુવાનનું મોત થયુંઃ ત્રીજી ઘટનામાં કાલાવડ પંથમાં ઓગણીસ વર્ષની યુવતિનો એસિડ પી આપઘાત

રાજકોટ તા. ૨૮

વાહન અકસ્માતની ઘાત વધુ બે પરિવારના માળા વેરવિખેર કરી ગઇ હતી. શાપર નજીક અલગ અલગ બે જીવલેણ અકસ્માત સર્જાયા હતાં. જેમાં એક બનાવમાં ટ્રકે ટુવ્હીલરને ઉલાળી દેતાં ફંગોળાઇ ગયેલા કારખાનેદારનું ટ્રકના તોતીંગ વ્હીલ નીચે કચડાઇ જતાં મોત થયું હતું. તો બીજા બનાવમાં એક યુવાન રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે ટેમ્પોની ઠોકરે આવી જતાં તેનો જીવ ગયો હતો. ત્રીજી એક અપમૃત્યુની ઘટનામાં ઓગણીસ વર્ષની યુવતિએ ઝેર પી આપઘાત કરી લીધો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાજકોટ-ગોંડલ હાઇવે પર શાપર નજીક ફેબ્રીકેશનના કારખાનેથી પરત ઘરે જઇ રહેતા કારખાનેદારને સ્કુટર સહિત ટ્રક ચાલકે કચડી નાખતા લોહીલુહાણ થવાની સાથે તેનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. આ બનાવમાં શાપર પોલીસે રાજકોટ પુનીતનગરમાં રહેતાં મુળ ઉપલેટાના નાગવદર ગામના ઓમ ભરતભાઇ પેશાવરીયા નામના એકવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી` અકસ્માત સર્જનાર ટ્રક ચાલક સામે શાપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યુ કે, તે મુજકામાં આવેલી હરીવંદના કોલેજમાં બી.સી.એ.નો અભ્યાસ કરે છે. સવારે તે તેના પિતા ભરતભાઇ સાથે સ્કુટર લઇને ઘરેથી શાપરમાં કેપ્ટન ગેઇટની અંદર આવેલ શ્રી વિશ્વકર્મા એન્જીનીયરીંગ નામના પોતાના ફેબ્રીકેશન કારખાને ગયા હતા.

તે ત્યાંથી બપોરે પરત આવતો રહયો હતો, જયારે તેના પિતા ત્યાં જ રોકાયા હતા અને તેને 'હું કારખાનાનું કામ પૂર્ણ કરી આવું છું 'તેમ કહયું હતું. સાંજના આઠેક વગ્યે તેના પિતાના નંબર ઉપર ફોન કરતા અજાણ્યા શખ્સે ઉપાડી તેને 'આ ફોન કોનો છે તમારે આ શુ થાય છે? ' તેમ પૂછતા તેને 'આ ફોન મારા પિતાજીનો છે' તેમ જવાબ આપતા અજાણ્યા શખ્સે આ ફોનવાળા ભાઇનું રાજકોટ-ગોંડલ હાઇવે પર અકસ્માત થયું છે તેમ કહેતા ત્યાં પહોંચ્યો હતો. જયાં જતા તેના પિતા ભરતભાઇની



ચાદર ઓઢાડેલી લોહી લુહાણ હાલતમાં લાશ પડેલી હતી. આ સમયે તેના મોટાબાપુ સહિતના પરિવારજનો ત્યાં આવી પહોંચ્યા હતા.

બીજી તરફ ત્યાં હાજર રવિભાઇ વાઘેલાએ તેને વાત કરી કે, ટ્રક ચાલકે સ્કુટરને હડફેટે લેતા અસ્માત થયો છ. જાણ થતાં શાપર પોલીસે મૃતદેહને પી.એમ. માટે ખસેડી ટ્રક ચાલક સોમ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. મૃતક ભરતભાઇને સંતાનમાં ત્રણ પુત્રી અને પુત્ર છે જેમણે પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

અન્ય એક જીવલેણ વાહન અકસ્માતમાં જેમાં રસ્તો ઓળંગી રહેલા રીબડાના આધેડ એક ટેમ્પોની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. મિત્રને મળવા જવા માટે તે રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યાર`આ બનાવ બન્યો હતો. શાપર દર્શન પાર્કમાં રહેતાં છેતાલીસ વર્ષના શૈલેષપરી જગદીશપરી ગોસ્વામી સાંજે સાતેક વાગ્યે શાપર નજીક અતુલ ઓટો પાસે રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે એક ટેમ્પોની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર શૈલેષપરી છુટક કલરકામ કરતાં હતાં. તે ત્રણ ભાઇમાં વચેટ હતાં અને સંતાનમાં બે દિકરી છે. સાંજે બનાવ સ્થળ નજીક મિત્રની હોટેલ હોઇ તે તરફ જતાં હતાં ત્યારે એમપી પાસીંગની ટેમ્પોની ઠોકરે ચડી ગયાનું સગાએ કહ્યું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો છે. શાપર પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં જામનગર તાબેના કાલાવડના પ્રભુજી પીપળીયા ગામે ઓગણીસ વર્ષની યુવતિએ ઝેરી પાવડર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પ્રભુજી પીપળીયા ગામે રહેતી ઓગણીસ વર્ષની અંજુબેન મોહનભાઇ વાઘેલાએ ઘરે ઝેરી પાવડર પી લેતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કાલાવડ પોલીસને કરી હતી. આપઘાત કરનાર અંજુબેન બે બહેનમાં મોટી હતી. તેના પિતા છુટક મજૂરી કરે છે. માતા-પિતા બહાર ગયા હોઇ દાદીમા સાથે અંજુબેન ઘરે હતી. ત્યારે તેણે આ પગલુ ભરી લીધુ હતું. કાલાવડ તાલુકા પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ યથાવત રાખી હતી. યુવાન દિકરીના આ પગલાથી પરિવાર શોકમાં ગરક થઇ ગયો હતો.

### સ્પા પાર્લરોમાં તો ગંદા ધંધા ધમધમતા જ હતા હવે હોટેલોમાં આવુ ચાલુ થયું

# સાંગણવા ચોકની હોટેલમાં ચાલતાં કૂટણખાનાનો પર્દાફાશ

### એ-ડિવીઝન પોલીસે મેનેજર સહિત ત્રણ સામે કરી કાર્યવાહીઃ ગ્રાહકને પાંચસો રૂપિયામાં એન્ટ્રીઆપી પછી લલના સાથે મજા કરવાના પંદરસો અલગથી વસુલતા હતાં





રાજકોટ, તા.૨૮

રંગીલા મોજીલા રાજકો શહેરમાં ઠેકઠેકાણે બીલાડીના ટોપની જેમ ફુટી નીકળેલા સ્પા પાર્લરોમાં પોલીસ સતત દરોડા પાડી લોહીના વેપલા ચાલતા હોવાનો પર્દાફાશ કરી રહી છે. અનેક ઠેકાણે આવી ગેરપ્રવૃતિ ચાલી રહી હોવાનું વારંવાર પડી રહેલા પોલીસના દરોડા પરથી ઉજાગર થઇ રહ્યું છે. આ વચ્ચે હવે એક હોટેલમાં ચાલતા કૂટણખાનાનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. સાંગણવા ચોકમાં એ-ડિવીઝન પોલીસે હોટેલમાં દરોડો પાડી આવા અવળા ધંધાનો પર્દાફાશ કર્યો હતો. જેમાં મેનેજર, સંચાલક સહિત ત્રણ જણા મળીને ગ્રાહકો પાસેથી એન્ટ્રી ફીના નામે પાંચસો રૂપિયા ઉઘરાવી બાદમાં ખાસ સર્વિસના નામે લલના પુરી પાડી તેની સાથે દેહ સંબંધ બાંધવાના બીજા પંદરસો રૂપિયા વસુલતા હતાં. બબ્બે હજાર રૂપિયા લઇ કેટલાક સમયથી આ લોહીનો વેપલો હોટેલમાં ચાલુ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં સ્પામાં મસાજ પાર્લરની આડમાં ચાલી રહેલા કૂટણખાના પકડાઇ રહ્યા છે ત્યાં હવે એ-ડિવીઝન પોલીસે હોટેલમાં દરોડો પાડી દેહવ્યાપારની પ્રવૃતિનો પર્દાફાશ કર્યો છે. સાંગણવા ચોક પાસે આવેલી હોટેલ ધ વિનસમાં માલિક, મેનેજર દ્વારા લલનાઓ રાખી દેહવેલો કરાવવામાં આવતો હોઇ એ-ડિવીઝન પોલીસે દરોડો પાડી કાર્યવાહી કરી હતી. વધુ માહિતી અનુસાર એ-ડિવીઝન પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ.મહેશભાઇ ચાવડાને બાતમી મળી હતી કે સાંગણવા ચોકમાં સેન્ડીના શો રૂમ સામે આવેલી હોટેલ ધ વિનસમાં બહારથી છોકરીઓ બોલાવી ગ્રહક પાસે એન્ટ્રી ફીના રૂા. પાંચસો લઇ બાદમાં શરીર સંબંધ બાંધવાના રૂા. પંદરસો અલગથી વસુલે છે.

આ બાતમી પરથી પોલીસે ડમી ગ્રાહકને હોટેલમાં મોકલ્યો હતો. ખરાઇ થયા બાદ પોલીસે દરોડો પાડ્યો હતો. હોટેલના રિસેપ્શાન કાઉન્ટર પર બેઠેલા શખ્સની પુછતાછ કરતાં પોતે મુળ ભીમગામ બ્યાવર રાજસ્થાનનો વતની બત્રીસ વર્ષનો પ્રતાપસિંગ બાબુસિંગ રાવત હોવાનું અને અહિ મેનેરજ તરીકે નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. સાથે બેઠેલા શખ્સે પોતે મુળ ચોટીલાના નાની પાળીયાદ ગામનો બાવીસ વર્ષનો જયદિપ મુકેશભાઇ મકવાણા હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંનેને સાથી રાખી રૂમ ચેક કરતાં રૂમ નં. ૨૦૩માંથી ડમી ગ્રાહક સાથે મહિલા મળી હતી. તેણીએ પોતે મુળ નવી દિલ્હીની વતની હોવાનું અને અહિ મેનેજર પ્રતાપસિંગ અને જયદીપ ગ્રાહક પાસેથી બે રૂપિયા વસુલી પોતાને એક હજાર આપે છે અને એક હજાર આ બંને રાખે છે તેમ કબુલ્યું હતું.

યુવતિની આ કબુલાત બાદ પોલીસે મેનેજર પ્રતાપસિંગ બાબુસિંગ રાવત તેમજ જયદિપ મુકેશભાઇ મકવાણા અને ચોટીલાના હિતેષ ઉર્ફે રાણો લાખાભાઇ વાલાણી તપાસ તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો હતો. હિતેષ ઉર્ફે રાણો દરોડો વખતે હાજર નહોતો. પીઆઇ જે. વી. વાઢીયાની રાહબરીમાં પીએસઆઇ એસ. આર. ચાવડા, હેડકોન્સ. કલ્પેશભાઇ બોરીચા, મહેશભાઇ ચાવડા, કરણભાઇ વીરસોડીયા, કોન્સ. ધવલભાઇ જીલરીયા, મયુરધ્વજસિંહ જાડેજા, કોનસ. સજનીબેન સખીયા, પ્રિયંકાબાદ જાડેજા સહિતે આ દરોડાની કામગીરી કરી હતી. પોલીસે રોકડ, મોબાઇલ ફોન મળી ૪૩૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ધ ઇમોરલ ટ્રાફિકીંગ પ્રિવેન્શન એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી.

શહેરમાં અનેક સ્પા પાર્લરોમાં આ પ્રકારે યુવતિઓ પાસે દેહના સોદા કરાવી તેની કમાણી સંચાલકો, મેનેજરો ખાતા હોવાનો અગાઉ પર્દાફાશ થયો હતો. હવે હોટેલોમાં પણ આવા ધંધા ચાલુ થઇ ગયાનું આ કાર્યવાહી પરથી સામે આવ્યું હતું. જો કે અગાઉ પણ પોલીસ હોટેલો આસપાસથી લલનાઓને પકડી ચુકી હતી. તેમજ ચેનચાળાના કેસ નોંધ્યા હતાં. જો કે હવે તો હોટેલની અંદર જ લલનાને રાખી કૂટણખાનુ ચલાવાતું હોવાનું સામે આવ્યું હતું. હોટેલમાં ચાલતી ગેરપ્રવૃતિઓને ડામવા પોલીસ છાસવારે તપાસ કરતી હોય છે. પણ આવી પ્રવૃતિ અમુક હોટેલોમાં જ થતી હોય છે.

### શાંત શહેરની શાંતી હણનારાઓ સામે સતત બીજા દિવસે પોલીસ કડક બની

# છરી-દારૂ સાથે, ડમડમ હાલતમાં ૩૯ ઝડપાયા

### શહેરમાં શની પછી રવિવારે પણ પોલીસે શહેરભરમાં ખાસ ડ્રાઇવ યોજીને કેસ કર્યા

રાજકોટ, તા.૨૮

શાંત શહેર રાજકોટમાં કાયદો વ્યવસ્થાનું પાલન થાય અને ગુનેગારોમાં પોલીસનો ખોફ રહે તે માટે શહેર પોલીસ દ્વારા દર અઠવાડીયએ વીકએન્ડ ડ્રાઇવ યોજી દારૂ સાથે, છરી સાથે, દારૂ પી નીકળનારાઓને વીણી વીણીને કેસ કરવામાં આવે છે. શવિનારે આવી ડ્રાઇવમાં ચોવીસ પકડાયા હતાં. આ પછી સતત બીજા દિવસે રવિવારે પણ આવી ડ્રાઇવ યોજી ઓગણચાલીસ શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં છરી સાથે પંદર, દારૂ પીધેલા સત્તર અને દારૂ સાથે આઠ પકડાયા હતાં.

વિગતો જોઇએ તો રાજકોટ શહેર પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્રઢ રાખવાના ભાગરૂપે વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કડક પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર અને જોઇન્ટ પોલીસ કમિશનર તેમજ ક્રાઇમ બ્રાંચ તેમજ ઝોન-૧, ઝોન-૨ના ડીસીપીની સુચના અંતર્ગત આ ડ્રાઇવ યોજવામાં આવી હતી. પોલીસે પંદર શખ્સોને છરી સાથે પકડ્યા હતાં. જેમાં ભક્તિનગર પોલીસે પીડી માલવીયા ફાટક પાસેથી મોહન ગુલાબભાઇ રાજભોયને ઝડપી લીધો હતો. પ્રદ્યુમનનગર પોલીસે ફુલછાબ ચોક પાસેથી અરબાજ મહેબૂબભાઈ બેલીમ, જંકશન સ્ટેશન પાસેથી મહેશ મનુભાઈ ગોહેલ અને હોસ્પિટલ ચોક પાસેથી હરેશ ચાંપરાજભાઈ ખાચરને છરી સાથે અટકાયતમાં લીધા હતા.

ઉપરાંત યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મફતિયાપરા વંડા પાસેથી અશોક વાલજીભાઈ પરમારને તથા માલવીયાનગર પોલીસે નવલનગર શેરી નં. ૩માંથી નીરજ બહાદુરસિંહ દેવડા, ૧૫૦ ફુટ રિંગ રોડ પરથી દિલીપ



પિયુષભાઈ સોલંકી અને જિલ્લા ગાર્ડન ચોકમાંથી રાહુલ દિનેશભાઈ સિંધવને પકડી પાડ્યા હતા. તેમજ તાલુકા પોલીસે એ.જી. ચોક પાસેથી અદનાન અબ્દુલવહાબભાઈ સૈયદ, વાવડી ગામ મેઈન રોડ પરથી હારૂન મહમદભાઈ નાઈ અને ગ્વાલિયર રેસ્ટોરન્ટ પાસેથી દશરથ વીરસિંગ નીશરતાને છરી સાથે અને કુવાડવા રોડ પોલીસે સાત હનુમાન મંદિર નજીકથી મહમદઅકરમ જાફરઅલી શેખ, એરપોર્ટ પોલીસે બામણબોર જીઆઇડીસી નજીકથી રણજીત બહાદુરભાઈ ખાચર તથા કુચિયાદડ બ્રિજ નીચેથી નરેશ વિકુભાઈ વાઘેલા અને થોરાળા પોલીસે ટ્રેક્ટર ચોક પાસેથી જીતેશ ચુનીભાઈ સોલંકીને છરી સાથે પકડ્યા હતાં.

આ ઉપરાંત દારૂ પી ડમડમ થઇને નીકળેલા, દારૂ પી વાહન હંકારી નીકળેલા સત્તર શખ્સો ઝપટે ચડ્યા હતાં. જેમાં એ-ડિવિઝન પોલીસે મંગળા મેઈન રોડ પરથી અજય છોટાલાલ ઝરીયાને એક્સેસ સાથે, ઢેબર ચોકમાંથી મિતેશ ભરતભાઈ દવને દારૂ પી રિક્ષા સાથે, ગરૂડ ગરબી ચોક પાસેથી મનસુખ રમેશભાઈ માલકીયા, યાજ્ઞિક રોડ પરથી શ્રીકાંત માંજી, વિરાણી ચોકમાંથી પ્રકાશ શંકરભાઈ સોનીને ટુવ્હીલર સાથે પીધેલા અને ત્રિકોણ બાગ પાસેથી ઉમેશ ગીરધરભાઈ ચંદ્રપાલને પીધેલી હાલતમાં પકડી લીધો હતો.

તેમજ કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદપર પાસેથી સોહિલશા નજીરશા રફાઈની રિક્ષા સાથે અને ભૂપત ગોવિંદભાઈ પરમારને બાઇક સાથે તથા થોરાળા પોલીસે આજી જીઆઇડીસી પાસેથી સુનીલ કુરજીભાઈ બેલદાર અને ભાવનગર રોડ પરથી હુશેન ઈકબાલભાઈ તરસાઈવાલાને રિક્ષામાં દારૂ પીધેલી હાલતમાં પકડી લીધા હતાં. ઉપરાંત પ્રદ્યુમનનગર પોલીસે રેલનગર મેઈન રોડ પરથી ફિલિક્સ પીટર મકવાણા ને દારૂ પી બલેનો કાર હંકારતા અને કીટીપરામાંથી પ્રવિણ ઉર્ફે દિનેશ દુદાજી પરમારને રિક્ષા હંકારતા, પક્ડી લીધા હતાં. માલવીયાનગર પોલીસે પુનીતનગર ટાંકા પાસેથી બાલા નાનજીભાઈ સીંધવ, લક્ષ્મીનગર શાક માર્કેટ પાસેથી પીન્ટુ સુંદરજી પરમારને, ઉમાકાંત ઈન્ડસ્ટ્રીઝ પાસેથી મોન્ટુ ચંદુભાઈ રાઠોડ અને મવડી ચોકડી પાસેથી ઉમેશ મેઘજીભાઈ વાઘેલાને પીધેલા ઝડપ્યા હતા.

આજીડેમ પોલીસે રામવન પાસેથી મિતેશ મનસુખભાઈ ગોહેલ અને શ્યામજી વજુભાઈ દેગામા તથા ગોંડલ ચોકડી પાસે કૌશિક પરસોતમભાઈ રામાણીને પકડ્યા હતા. તેમજ રાજકોટ તાલુકા પોલીસે ગ્વાલિયર રેસ્ટોરન્ટ પાસેથી રમેશ કાળુભાઈ ડામોર, વાવડી ગામ ગેટ પાસેથી જીજ્ઞેશ જમનભાઈ ઉસદડીયા અને નકળંગ હોટલ સામેથી નવનીત દામજીભાઈ ઠુંમરને પકડી એમવીએક્ટ અને દારૂબંધી હેઠળ કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત દેશી વિદેશી દારૂ સાથે મહિલા સહિત ૮ પકડાયા હતાં.` એ-ડિવિઝન પોલીસે રામનાથપરા જૂની જેલ પાસેથી હુસેન દાઉદભાઈ આગવાનને બિયરની બોટલ સાથે ઝડપ્યો હતો. એરપોર્ટ પોલીસે ગારીડા રોડ પરથી ગોપાલ નરશીભાઈ બાવળીયાને ૧૮ લીટર દેશી દારૂ સાથે, ભક્તિનગર પોલીસે નંદા હોલ ચોક પાસેથી મયુર હરેશભાઈ મેરીયાને ૨ લીટર દેશી દારૂ સાથે પકડ્યો હતો.

તેમજ થોરાળા પોલીસે મયુરનગરમાં રહેણાંક મકાનમાંથી જીવુબેન કાળુભાઈ કંડોરીયાને ૫ લીટર દેશી દારૂ સાથે પકડી પાડ્યા હતા. પ્રદ્યુમનનગર પોલીસે પોપટપરામાંથી ભરતસિંહ ભૂપતસિંહ રાણા અને રૂખડિયાપરામાંથી મનીષાબા ભરતસિંહ રાણાને ૫-૫ લીટર દેશી દારૂ સાથે ઝડપ્યા હતા. જ્યારે ગાંધીગ્રામ-૨ પોલીસે ૧૫૦ ફુટ રિંગ રોડ પરથી સંજય રમણીકભાઈ ભારતીને ૭ લીટર અને રૈયાધાર મારવાડીનગરમાંથી પાયલબેન મનીષભાઈ સોલંકીને ૧૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી. આમ રવિવારની ડ્રાઇવમાં કુલ ઓગણચાલીસ કેસ નોંધવામાં આવ્યા હતાં.

# આજીડેમ ચોકડીએ રહેતી નવોઢા રવિવારે ગૂમ થઇ, સોમવારે મળી ડેમમાંથી લાશ

### છ મહિના પહેલા જ લગ્ન થયા હતાંઃ રવિવારીમાં ખરીદી કરવા જવાનું કહીને નીકળી હતીઃ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૨૮

રવિવારે ગૂમ થઇ ગયેલી એક નવોદીત પરિણીતાની સોમવારે આજીડેમમાંથી લાશ મળી આવતાં ગમગીની વ્યાપી ગઇ હતી. વિગતો અનુસાર આજીડેમ ચોકડીથી અમુલ સર્કલ વચ્ચે આવેલી ઝૂપડપટ્ટીમાં રહેતી નવોઢા ગઇકાલે રવિવારી બજારમાં જવાનું કહીને નીકળ્યા બાદ આજે તેની લાશ આજીડેમમાંથી મળી આવી હતી. તેણીના હજુ છ મહિના પહેલા જ લગ્ન થયા હતાં.

વિગતો અનુસાર આજીડેમ ચોકડી નજીક ઝૂપડપટ્ટીમાં રહેતી અઢાર વર્ષની સંગીતાબેન કિશનભાઇ કારોલીય નામની નવોદિત પરિણીતા રવિવારે બપોરે બે વાગ્યા આસપાસ પોતે રવિવારી બજારમાં ખરીદી માટે જાય છે તેમ કહીને નીકળ્યા બાદ મોડે સુધી પરત ન આવતાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પરંતુ પત્તો ન મળતાં પરિવારજનોમાં દોડધામ મચી ગઇ હતી. શોધખોળ ચાલુ હતી ત્યાં આજે આજીડેમમાંથી એક યુવતિની લાશ મળી આવી હતી.



બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. તેજપાલસિંહ સરવૈયા સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી. આ દરમિયાન કિશનભાઇ કારોલીયાને કોઇ યુવતિની લાશ મળ્યાની જાણ થતાં તેઓ દોડી જતાં આ લાશ તેના ગૂમ થયેલા પત્નિ સંગીતાની હોવાનું જણાતાં કલ્પાંત સર્જાયો હતો. તેણીની લગ્ન છ મહિના પહેલા જ થયા હતાં. તેનો પતિ ફુગ્ગા રમકડા વેંચી ગુજરાન ચલાવે છે. પોતે એક ભાઇ અને બે બહેનમાં વચેટ હતી. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

### ગઠીયાગીરીના અનેકાનેક કિસ્સાઓ વચ્ચે વધુ બે નાની મોટી ઠગાઇ

# વીમાના નામે દોઢ કરોડનો લાગ્યો ચૂનો

## બીજી ઘટનામાં મહિલા જુની લોન ભરવા જતાં કંપનીના પ્રતિનિધિના નામે ગઠીયાએ છેતરી લીધા

રાજકોટ, તા.૨૮

ફ્રોડના વધુ બે બનાવ સામે આવ્યા હતા. જેમાં એક બનાવમાં વેપારી સાથે વીમા પોલીસના નાણા પરત અપાવવાના નામે દોઢ કરોડની ઠગાઇ થઇ હતી. તો બીજા બનાવમાં એક મહિલા વેપારીને ગઠીયાઓએ મોબાઇલ હેક કરી છેતરી લીધા હતાં. આગલી લોનના હપ્તા ભરવાના પ્રયાસમાં ગઠીયાઓએ તેમને શિકાર બનાવ્યા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો સુરત શહેરમાં વીમા પોલિસીના નાણાં પરત મેળવવાની લાલચ આપી એક નાગરિક સાથે ૧,૫૦,૩૩,૦૦૪ની જંગી રકમની સાયબર છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. આયોજનબદ્ધ રીતે આચરવામાં આવેલા આ આર્થિક ગુનામાં ભેજાબાજોએ ફરિયાદી પાસેથી અલગ-અલગ પ્રોસેસિંગ અને ક્લિયરન્સ ચાર્જના બહાને લાખો રૂપિયા પડાવી લઈ કોઈ પણ રકમ પરત ન કરી છેતરપિંડી આચરી હતી.

આ સમગ્ર કૌભાંડ મામલે સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમા બીએનએસ તથા આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોઇ તપાસ આગળ વધી છે. મુખ્ય સૂત્રધાર સુમિતા પાલ નામની મહિલાએ વર્ષ ૨૦૧૮માં ફરિયાદીને વિશ્વાસમાં લઈને અલગ-અલગ કુલ પંદર જેટલી વીમા પોલિસીઓ લેવડાવી હતી. ત્યારબાદ પિયુષ રવજીભાઈ દેસાઈએ વીમા લોકપાલના સેક્શન ઓફિસર તરીકે અને રાજીવ શુક્લાએ નવી દિલ્હી વીમા લોકપાલ કાર્યાલયના જોઈન્ટ સેક્રેટરી તરીકેની નકલી ઓળખ આપી સંપર્ક કર્યો હતો.

આ ટોળકીએ અગાઉ લીધેલી તમામ પોલિસીઓના નાણાં પૂરેપૂરા રિફંડ અપાવવાની ખાતરી આપી ફરિયાદીનો સંપૂર્ણ વિશ્વાસ કેળવી લીધો હતો. ભોગ બનનારને લેશમાત્ર શંકા ન જાય તે માટે આરોપીઓએ અસલ જેવા લાગતા બનાવટી દસ્તાવેજોનો સહારો લીધો હતો. જેમાં એસબીઆઈ બેંકના અતુલ ચૌધરી નામના વ્યક્તિની ખોટી સહીવાળા ૭ ચેકો, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તથા વીમા લોકપાલના બોગસ સહી-સિક્કાવાળા લેટરપેડ અને




ભારત સરકારના જીએસટી ડિપાર્ટમેન્ટની બનાવટી નોટિસો વોટ્સએપ તેમજ ટપાલ મારફતે મોકલી હતી.

આ પુરાવાઓના આધારે ચાર્જીસ પેટે ફરિયાદી પાસેથી એસબીઆઇ, કેનેરા બેંક, ઈન્ડિયન બેંક અને એરટેલ પેમેન્ટ બેંકના ૪ ખાતાઓમાં કુલ ૧.૫૦ કરોડથી વધુ ટ્રાન્સફર કરાવી લીધા હતા. લાંબા સમય સુધી એકપણ રૂપિયો પરત ન મળતાં અને અધિકારીઓના દાવા પોકળ સાબિત થતાં ફરિયાદીને પોતાની સાથે આયોજનબદ્ધ રીતે વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થયો હતો. છેવટે તેમણે સાયબર સેલનો સંપર્ક કરી વિધિવત ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પીઆઈ વી. ડી. મંડોરાએ સુમિતા પાલ, પિયુષ દેસાઈ, રાજીવ શુક્લા તેમજ વિવિધ બેંક ખાતાધારકો વિરુદ્ધ ગુનો નોંધી, બેંક ટ્રાન્ઝેકશન અને મોબાઈલ નંબરના આધારે આ આંતરરાજ્ય સાયબર ગેંગના મૂળ સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.

બીજા કિસ્સામાં વડોદરામાં વેપારી દીપિકાબેન પટેલનો મોબાઇલ ફોન હેક કરીને ખાતામાંથી ૯૯,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરી લેવાયા હતા. આદિત્ય બિરલા કેપિટલના -તિનિધિ તરીકે ઓળખ આપી, અજાણ્યા શખ્સે ટેબ્લેટના હપ્તા ભરવાના બહાને વોટ્સએપ પર ફાઇલ મોકલી. પતિના ફોનમાં ફાઇલ ડાઉનલોડ થતાં જ ફોન હેંગ થઈ ગયો અને ગણતરીની મિનિટોમાં ૯૯,૦૦૦ રૂપિયા ઉપડી ગયા. મકરપુરા પોલીસે આ અંગે તપાસ શરૂ કરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે વડોદરાના વેપારીનો મોબાઇલ ફોન હેક કરી ખાતામાંથી ૯૯ હજાર ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. દંતેશ્વર વિસ્તારમાં આવેલી રાજરત્ન સોસાયટીમાં રહેતા દિપીકાબેન જ્યોતિશભાઇ પટેલે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે મારા પતિને તેમના ધંધાના કામ અર્થે આઇસર ટેમ્પો ખરીદવો હતો. જ્યારે અમે બેંકમાં ટેમ્પાની લોન માટે પ્રેસેસ શરૂ કરી, ત્યારે બેંક તરફથી જાણવા મળ્યું કે મારી દીકરીના ઓનલાઇન અભ્યાસ માટે અગાઉ આદિત્ય બિરલા કેપિટલમાંથી લેવાયેલા ટેબ્લેટના બે હપ્તા બાકી હોવાથી નવી લોન અટકે છે.

તેથી અમે જૂની લોનની ચૂકવણી કરી એન.ઓ.સી.મેળવવાનું નક્કી કર્યું હતું. મારા મોબાઈલ પર એક કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતે આદિત્ય બિરલા કેપિટલમાંથી વાત કરે છે તેમ કહી વિશ્વાસ સંપાદિત કરી વોટ્સએપ પર એક ફાઇલ મોકલી હતી. મારી પાસે આઇફોન હોવાથી તે ફાઇલ ડાઉનલોડ થઈ ન હતી, તેથી તેણે મારી પાસે અન્ય એન્ડ્રોઇડ ફોનનો નંબર માંગ્યો હતો. મેં મારા પતિનો મોબાઈલ નંબર તેને આપ્યો હતો.

ત્યારબાદ મારા પતિના ફોન પર વોટ્સએપ કોલ આવતા ફોનની સ્ક્રીન બ્લેક થઈ ગઈ અને ફોન હેંગ થઈ ગયો. મને શંકા જતાં અમે તુરંત ફોન કટ કરી દીધો હતો. બેંકમાં તપાસ કરાવતા બેંક ખાતામાંથી અમારી જાણ બહાર રૂ.૯૯,૦૦૦ અન્ય અકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ ગયા હતા. આમ આ વધુ એક નવતર કિમીયાથી સાયબર ગઠીયા ઠગાઇ કરી ગયા હતાં. આ પ્રકારની ઠગાઇઓમાં રોજેરોજ લોકો નાણા ગુમાવતાં રહે છે.

### દારૂની જેમ માદક પદાર્થના પણ બંધાણીઓ વધી ગયાઃ એસઓજીનો વધુ એક દરોડો

# મોરબીનો પેડલર રાજકોટમાં એમડી ડ્રગ્સ સાથે ઝડપાયો

## મોરબીના માદક પદાર્થના ગુનામાં પણ બે મહિનાથી ફરાર હતોઃ એસઓજીની ટીમે ભગવતીપરામાંથી દબોચ્યોઃ પડીકીઓ બનાવીને વેંચતો હોવાની કબુલાતઃ પગેરૂ રાજસ્થાન તરફ

રાજકોટ તા. ૨૮

શહેરમાં દારૂની જેમ જ માદક પદાર્થના બંધાણીઓ પણ વધી ગયા છે. વધુ એક વખત એસઓજીએ માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કરી મોરબીના એક શખ્સને રાજકોટના ભગવતીપરામાં કારમાં રૂપિયા બે લાખના મેફેડ્રોન ડ્રગ સાથે પકડી લીધો હતો આ શખ્સ અગાઉ મોરબીના માદક પદાર્થના કેસમાં પણ વોન્ટેડ હતો. તે રાજસ્થાન તરફથી આ પદાર્થ લાવ્યાનું રટણ કરતો હોઇ સાચી વિગતો ઓકાવવા રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ શખ્સ જોધપુર રાજસ્થાનથી આ એમડી-મેફેડ્રોન ડ્રગ્સ વેંચવા માટે લાવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં યુવાધન નશાના રવાડે ન ચડે અને નારકોટીક્સ પદાર્થનું વેંચાણ અટકે તે માટે સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ ચાલી રહી હોઇ તે અંતર્ગત ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે તાજેતરમાં જ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનથી એસઓજીમાં નિમણુંક પામનાર હેડકોન્સ. કરણભાઇ મારૂ તથા સાથેના



શબ્બીરખાન મલેકને બાતમી મળી હતી કે મોરબીનો એક શખ્સ જે મોરબીના એનડીપીએસના ગુનામાં ફરાર છે તે રાજકોટ ભગવતીપરા વિસ્તારમાં કારમાં માદક પદાર્થ લઇને આવવાનો છે. આ બાતમીને આધારે વોચ રાખવામાં આવતાં સફેદ રંગની ક્રેટા જીજે૦૧એચવાય-૬૨૯૭ લઇને એક શખ્સ ભગવતીપરા-૧૯ પાસે આવતાં તેને આંતરી લીધો હતો.

તપાસ કરતાં તેની પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. એફએસએલ અધિકારી સમિર જોષીએ પરિક્ષણ કરી આપતાં આ અંગે કાર્યવાહી કરવામાં આવી હતી. ઝડપાયેલા શખ્સે પોતાનું નામ જગદીશ ઉર્ફે જીગર ઉર્ફે જીગો જીલુભાઇ ગોગરા જણાવ્યું હતું. એકત્રીસ વર્ષનો આ શખ્સ લીલાપર રોડ, બોરીચા વાસ, યદુનંદન ગૌશાળા પાસે મોરબી ખાતે રહે છે. તેની પાસેથી એસઓજીએ રૂા. ૨,૦૧,૭૮૦નું ૬૭ઇ૨૬ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કબ્જે કરી બે મોબાઇલ ફોન, ૮ લાખની કાર, રોકડા ૫૦૯૦ તેમજ વજન કાંટો, પ્લાસ્ટીકની નાની નાની વેક્યુમ પેક કોથળીઓ સહિત કબ્જે કરી આ અંગે બી-ડિવીઝન પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો. આ શખ્સ બે મહિના પહેલા મોરબીમાં બી-ડિવીઝન પોલીસની હદમાં માદક પદાર્થ પકડાયો તેના કેસમાં પણ નામ ખુલ્યા બાદ ફરાર હતો.

રાજકોટ પોલીસ બાદ તેનો કબ્જો મોરબી પોલીસ પણ મેળવશે. હાલ તે રાજસ્થાના જોધપુરથી વેંચવા માટે ડ્રગ્સ લાવ્યાનું રટણ કરતો હોઇ સાચી હકિકત ઓકાવવા રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એસઓજી પીઆઇ એન. બી. ચૌધરી, એન્ટી નારકોટીક્સ વિંગના પીઆઇ બી. બી. જાડેજા, એસઓજી પીએસઆઇ આર. કે. ગોહિલ, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, હેડકોન્સ. કરણભાઇ મારૂ, શબ્બીરખાન મલેક, કોન્સ. રવિરાજભાઇ ધગલ, જયપાલસિંહ ઝાલા, અનોપસિંહ ઝાલા, હેડકોનસ. અનીશભાઇ કુરેશી, ડ્રા. કોન્સ. નરપતસિંહ જાડેજા, નિર્મળસિંહ ઝાલા, કોન્સ. મોનાબેન બુસાએ આ કામગીરી કરી હતી.

# ગોંડલના હડમતાળામાં દવાની ફેક્ટરીમાં આગથી બે દાઝયા

## પ્રોસેસીંગ રૂમમાં મશીનની મોટરમાં ભડકો થયા બાદ મોટુ સ્વરૂપ પકડી લીધુઃ સાત બંબાએ ચાર કલાકે આગ બુઝાવી

રાજકોટ તા. ૨૮

આગની વધુ એક ઘટના બની હતી. જેમાં ગોંડલ નજીક હડમતાળા જીઆઇડીસીમાં આવેલી દવા બનાવતી ફેક્ટરીમાં મોડી રાતે પ્રોસેસ રૂમમાં ઈલેક્ટ્રીક મોટરમાં ભડકો થયા બાદ આખી ફેક્ટરીમાં આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઇ હતી. પ્રોસેસ રૂમમાં આગ લાગી ત્યારે ત્યાં હજાર બે કર્મચારી દાઝી જતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. બાકીના પંદરેક કર્મચારીઓ અન્ય અલગ અલગ વિભાગમાં હોઇ દોડીને બહાર નીકળી જતાં તેમનો બચાવ થયો હતો. આગ બુઝાવવા લોધીકા, મેટોડા, રાજકોટથી ફાયર ફાઇટરો દોડી ગયા હતાં અને સવાર સુધીમાં આગ કાબુમાં લઇ લીધી હતી.

વધુ માહિતી અનુસાર હડમતાળા જીઆઇડીસીમાં આવેલી પારમેક્સ ફાર્મા નામની દવાની કંપનીમાં મધરાતે બે વાગ્યા આસપાસ આગ ભભૂકતાં અહિ પ્રોસેસ વિભાગમાં કામ કરી રહેલા કર્મચારી વિરપુર જલારામના એકતાલીસ વર્ષના અશ્વીનભાઇ વજેરામભાઇ દુધરેજીયા તથા વેરાવળ કાજલી ગામના અઠ્ઠાવીસ વર્ષના મનિષભાઇ રમેશભાઇ ચાવડા દાઝી જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડા



સાંગાણી પોલીસને જાણ કરી હતી. અશ્વીનભાઇ બે ભાઇમાં નાના છે અને મનિષભાઇ બે ભાઇમાં મોટા છે.

આ બંનેના કહેવા મુજબ પોતે રાતે બે વાગ્યા આસપાસ કંપનીના પ્રોસેસીંગ રૂમમાં મશીન પાસે હતાં. ત્રીજા કર્મચારી આ રૂમની બહારથી સ્વીચ ચાલુ-બંધ કરતાં હતાં. આ વખતે અચાનક મશીનની મોટરમાં ભડકો થતાં આગ લાગી હતી. આ કારણે પોતે બંને હાથના ભાગે દાઝી ગયા હતાં. દોટ મુકીને બહાર નીકળી ગયા હતાં. દેકારો મચાવતાં અન્ય કર્મચારીઓ પણ બહાર નીકળી ગયા હતાં. બીજા વિભાગમાં આશરે પંદરેક કર્મચારીઓ હતો. જોતજોતામાં આગ વિકરાળ બની ગઇ હતી અન ફેક્ટરીના પ્રોડક્શન યુનિટને લપેટમાં લઇ લીધુ હતું.

આગના આ બનાવની જાણ થતાં લોધીકા, મેટોડા, રાજકોટ ફાયર બ્રિગેડના કર્મચારીઓ ફાયર ફાઇટર સાથે પહાંચી ગયા હતાં અને ચારેક કલાક પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી. આગને કારણે મોટી નુકસાની થઇ હતી. જીઆઇડીસી એસોસિએશનની ટીમ અને પોલીસ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતાં. આગથી મોટી નુકસાની થઇ છે. દાઝી ગયેલા બે કર્મચારી રાજકોટ સારવાર માટે દાખલ થતાં પોલીસે તેમના નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી. આગનું ચોક્કસ કારણ જાણવા પોલીસ એફએલએલ દ્વારા તપાસ કરવામાં આવશે.

### સાંજે ઘરેથી નીકળેલા પરિણીતાની થોડા સમય બાદ કારમાંથી લાશ મળી

# કાર ડ્રાઈવીંગ શીખતી વખતે જીવ ગયો

## અન્ય ઘટનામાં ભેંસ માટે ખડ વાઢી રહેલા યુવાનનું સર્પદંશથી મોતઃ એક યુવાને દારૂના નશામાં એસિડ પી લેતાં જીવ ગયો

રાજકોટ, તા. ૨૮

અપમૃત્યુની વધુ ત્રણ ઘટનાઓ સામે આવી હતી. જેમાં એક કિસ્સામાં પડાશી યુવાન સાથે કાર ડ્રાઈવીંગ શીખવા ગયેલા પરિણીતાનું અકસ્માતને કારણે મૃત્યુ થયું હતું. તો બીજા બનાવમાં ભેંસ માટે ચારો વાઢી રહેલા અઢાર વર્ષના યુવાનને સાપે દંશ મારતાં જીવ ગયો હતો. ત્રીજી ઘટનામાં એક યુવાને દારૂના નશામાં ભાન ભુલી એસિડ પી લેતાં જીવ ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં એક બનાવમાં એક પરિણીતાનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો છે. આ પરિણીતા ગત સાંજે પાંચેક વાગ્યા આસપાસ ઘરેથી નીકળ્યા બાદ તેની લાશ હળદવ રોડ પર આશીર્વાદ હોટેલ ચૂલી પાસે કારમાંથી મળતાં ચકચાર જાગી છે. આ પરિણીતાની લાશ ડ્રાઇવીંગ સીટ પર હતી. બાજુમાં પાડોશી યુવાન બેઠો હતો. તેણે કાર ડ્રાઇવીંગ શીખતી વખતે કાર જાહેરાતના બોર્ડમાં અથડાતાં અકસ્માત સર્જાયાનું પોલીસને કહ્યું હતું.

જો કે મૃતકના પરિવારજનોને મૃત્યુ અંગે શંકા ઉપજતાં પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાનો નિર્ણય લીધો હતો. વિશેષ માહિતી અનુસાર ધ્રાંગધ્રામાં હળવદ રોડ પર શીવરંજની સોસાયટીમાં રહેતાં ત્રીસ વર્ષના આરતીબેન અમરશીભાઇ ખરચરીયા નામના પરિણીતા સાંજે પોચેક વાગ્યે ઘરેથી નીકળ્યા હતાં. બાદમાં પરિવારજનોને જાણ થઇ હતી કે તેમને હળવદ રોડ આશીર્વાદ હોટેલ ચૂલી પાસે અકસ્માત નડ્યો છે. આથી પરિવારજનો ત્યાં પહોંચતા આરતીબેન કારમાં ડ્રાઇવીંગ સીટ પર લોહીલુહાણ હાલતમાં હતાં. તેમનું મૃત્યુ થઇ ગયાનું જણવાયું હતું.

આ કારમાં બાજુની સીટ પર પાડોશી યુવાન રક્ષીતભાઇ બેઠો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ પણ પહોંચી હતી. પોલીસ પુછતાછમાં રક્ષીતભાઇએ કાર ડ્રાઈવીંગ શીખતી વખતે કાર જાહેરાતના બોર્ડમાં અથડાઇ જતાં આરતીબેનને ગંભીર ઇજા થતાં મૃત્યુ થયાનું કહ્યું હતું. જો કે પરિવારજનોને આ મૃત્યુ



**યુવાને કહ્યું અકસ્માત નડ્યોઃ પરિવારે શંકા દર્શાવતા પોલીસે કરાવ્યું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ**

અંગે શંકા ઉપજતાં પોલીસે કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર આરતીબેનના પતિ વાળંદ કામની દુકાન ચલાવે છે. તેણીને સતાનમાં એક દિકરો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ધ્રાંગધ્રા પોલીસ આળગ કાર્યવાહી કરવામાં આવશે.

બીજી ઘટના જોઇએ તો જુનાગઢના સાંબલપુર ગામે રહેતો યુવાન દારૂના નશામાં ભાન ભુલી એસિડ પી જતાં તેનું મોત થયું છે. આ બનાવથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાંયા ગુમાવી છે એન પરિવારનો માળો વેરવિખેર થઇ ગયો હતો. સાંબલપુર ગામમાં રહેતો તેત્રીસ વર્ષનો રણછોડભાઇ દેવાભાઇ ચારોલીયા વીસમી તારીખે સાંજે સાડા પાંચેક વાગ્યે ઘરે એસિડ પી જતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ ગત સાંજે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જુનાગઢ તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રણછોડભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો અને છુટક ખેત મજૂરી તથા ભંગારની ફેરી કરતો હતો. તેને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. સગાના કહેવા મુજબ રણછોડભાઇને દારૂ પીવાની ટેવ હતી. નશાની હાલતમાં એસિડ પી લીધું હતું. જુનાગઢ પોલીસે કાર્યવાહી કરી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો પોરબંદરના કુતિયાણા તાબેના ઉભીધાર ગામે રહેતાં અઢાર વર્ષના જયદિપ પરબતભાઇ નાંદા નામના યુવાનને ૨૪મી એ સાંજે પાંચેક વાગ્યે તે વાડી વિસ્તારમાં હતો ત્યારે સાપે દંશ મારી દેતાં ઉપલેટા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુતિયાણા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. પિતાએ ભાગીયું રાખ્યું હોઇ તે વાડીએ ભેંસો માટે ખડ વાઢતો હતો ત્યારે પગમાં સાપે દંશ દીધો હોવાનું સગાએ જણાવ્યું હતું. આ ત્રણેય ઘટનામાં મૃતકોના પોસ્ટમોર્ટમ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યા હતાં. પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### લાલચના ગાજર બતાવી ગઠીયાગીરી કરી લેવાની વધુ એક ઘટનાઃ બીજા કિસ્સામાં ઓનલાઇન ફ્રોડ

# સસ્તા આઇફોન લેવા જતાં વેપારીઓએ લાખો ગુમાવ્યા

## ચાર ગઠીયાઓએ શરૂઆતમાં બે આઇફોન સમયસર મોકલી વિશ્વાસ કેળવ્યોઃ પછી મોટી રકમ મેળવી લીધીઃ ચારેયને પોલીસે દબોચ્યોઃ બીજા બનાવમાં એપીકે ફાઇલથી ફ્રોડ, બેંક ખાતુ તુરંત બંધ કરાવ્યું છતાં પંદર દિવસ બાદ રકમ ઉપડી ગઇ

રાજકોટ, તા.,૨૮

ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોને છેતરી લેતાં હોય છે. વધુ આવી ઠગાઈની નવી ઘટનાઓ નોંધાઇ હતી. એક કિસ્સામાં દુબઈથી સસ્તા આઇફોન અપાવી દેવાની લાલચ આપી ઠગાઇ કરવામાં આવી હતી. પોલીસે આ કિસ્સામાં જો કે ચાર ગઠીયાઓને પકડી લીધા હતાં. તેણે અનેક વેપારીઓ સાથે આ રીતે ફ્રોડ આચર્યાનું સામે આવ્યું હતું. બીજી તરફ એક દુકાનદારને ઇન્વીટેશન એપીકે ફાઇલ મોકલી ઠગાઇ કરી લેવાઇ હતી. તેમણે બેંક ખાતુ બંધ કરાવ્યું હતું છતાં ગઠીયાઓ નાણા ઉસેડી લેવામાં સફળ થઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાં વિદેશથી સસ્તા ભાવે બ્રાન્ડેડ આઈફોન અપાવવાના નામે વેપારીઓ અને નાગરિકો સાથે છેતરપિંડી આચરતી ટોળકીનો સરથાણા પોલીસે પર્દાફાશ કર્યો હત. સસ્તા આઈફોનની લાલચ આપી શરૂઆતમાં વિશ્વાસ કેળવી બાદમાં લાખો રૂપિયા પડાવી લઈ ફોન ન આપી ધમકી આપવાના ગુનામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ ૪ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, સરથાણા કેનાલ રોડ પર "ઓમ ઢાબા દાલબાટી" ચલાવતા મૂળ રાજસ્થાનના ચિરાગકુમાર જયશંકર રાવલે નોંધાવેલી ફરિયાદ અનુસાર તેમના વતનના દીપક રાવત અવારનવાર હોટલ પર આવતો હતો.

ત્યારબાદ દીપકે જણાવ્યું હતું કે દલાલ પંકજ રાવળ દુબઈથી ખૂબ સસ્તા ભાવે આઈફોન લાવે છે. આરોપીઓએ ફરિયાદી પાસેથી માત્ર ૬૦,૦૦૦ પ્રતિ ફોન લેખે એડવાન્સ લઈ શરૂઆતમાં બે આઇફોન સેવન્ટીન પ્રો સમયસર પહોંચાડી દીધા હતા. આથી ફરિયાદીનો તેમના પર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો. વિશ્વાસ જીત્યા બાદ આરોપીઓએ અન્ય ગ્રાહકો લાવવા લાલચ આપી હતી. જેથી ફરિયાદીએ પોતાના પરિચિતો પાસેથી રૂપિયા એકઠા કરી ૩૬ નંગ સેમસંગ-આઈફોન મેળવવા માટે રોકડા ૧૫ લાખ તથા ઓનલાઈન ૧૦.૮૩ લાખ મળી કુલ૨૫.૮૩ લાખ આરોપીઓને ચૂકવ્યા હતા. જોકે, પૈસા લીધા બાદ આરોપીઓએ માત્ર ૧૩ ફોન આપ્યા હતા અને બાકીના ૨૩ ફોન કે




૧૫.૬૮ લાખની રકમ પરત આપી નહોતી.

આ પછી બાકીના ફોનની ઉઘરાણી કરવામાં આવતાં આરોપીઓએ હાલ વિદેશથી ફોન આવ્યા નથી તેવા બહાના બનાવ્યા હતા. ત્યારબાદ તેઓના સંબંધી ધનરાજ રાવલે ફરિયાદીને ગાળો ભાંડી, હવે પછી રૂપિયા કે ફોનની ઉઘરાણી કરશો તો જોઈ લઈશ કહી ધાક-ધમકી આપી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે આ ટોળકીએ વરાછા, કતારગામ, પર્વત પાટિયા અને કામરેજના અન્ય વેપારીઓ-નાગરિકો પાસેથી પણ આશરે ૧૩૮ જેટલા આઈફોન અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવી લીધા હતા.

આ કેસમાં સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા સરથાણા પોલીસે દીપક અર્જુનભાઈ રાવત, પંકજ ભરતભાઈ રાવળ, ઉત્તમ જેંતીલાલ રાવળ અને ધનરાજ શંકરલાલ રાવળને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા. આ ગેંગે અન્ય કેટલા લોકો સાથે છેતરપિંડી આચરી છે તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરાના કોઠી વિસ્તારના દુકાનદાર સુરેશભાઈ શર્મા સાથે ઓનલાઈન ઠગાઈ થઈ છે. ૩ સપ્ટેમ્બરે વેડિંગ ઇન્વિટેશનની એપીકે ફાઈલ ખોલતા તેમનું વોટ્સએપ હેક થયું. શંકા જતા તેમણે તાત્કાલિક બેંક ખાતું બંધ કરાવ્યું. ૧૫ દિવસ બાદ ખાતું ફરી ચાલુ કરાવતા રૂ. ૧.૮૯ લાખ ઉપડી ગયા. હરણી પોલીસે આ મામલે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. ોઠી વિસ્તારના એક દુકાનદારે ઠગોથી બચવા માટે અગાઉથી બેન્કની મદદ લીધી હોવા છતાં પંદર દિવસ બાદ રૂપિયા ૧.૮૯ લાખ ગુમાવ્યા હોવાનો કિસ્સો હરણી પોલીસ સમક્ષ આવ્યો છે.

વધુ વિગત મુજબ વીઆઇપી રોડના અયોધ્યા નગરમાં રહેતા સુરેશભાઇ શર્મા ગઇ તા.૩જી સપ્ટેમ્બરે સવારે તેમની દુકાને હતા ત્યારે મિત્ર સચિન જાધવના મોબાઇલ પરથી વેડિંગ ઇન્વિટેશનની એપીકે ફાઇલ આવી હતી. દુકાનદારે ફાઇલ ઓપન કરતાં કોઇ પેજ ખૂલ્યું નહતું.જેથી તેમને શંકા જતાં સચીનને ફોન કરી પૂછ્યું હતું. સચિને તેનું વોટ્સએપ હેક થઇ ગયું હોવાનું અને આવું કોઇ ઇન્વિટેશન મોકલ્યું નહિ હોવાનું કહેતાં દુકાનદારે મોબાઇલ બંધ કરી દીધો હતો અને તરત જ રાવપુરાની બેન્ક ઓફ ઇન્ડિયાની બ્રાન્ચમાં જઇ એકાઉન્ટ બંધ કરાવી દીધું હતું. પંદર દિવસ સુધી તેમને કોઇ ઓટીપી કે મેસેજ નહિ આવતાં સુરેશભાઇ ફરીથી બેન્કમાં ગયા હતા અને એકાઉન્ટ ચાલુ કરાવ્યું હતું.પરંતુ સાંજે પાંચેક વાગ્યે ફરીથી ઓટીપી આવવા માંડયા હતા અન રૂપિયા ૮૯ હજાર ઉપડી ગયાનો મેસેજ આવ્યો હતો.જેથી તેમણે ભત્રીજાને એટીએમ ચેક કરવા અને બેન્કને જાણ કરવા મોકલ્યો ત્યાં સુધી બીજા એક લાખ ઉપડી ગયા હતા,જેથી પોલીસ ફરિયાદ કરી હતી.

# અલ્પેશ દોંગા ગેંગના વધુ કારસ્તાનો ખુલ્યા છેતરયેલા પંદર ખેડૂતોની ફરિયાદોનો ધોધ

## રૂરલ એસપી સમક્ષ વ્યથા ઠાલવીઃ પાંચ સાત લાખની લોન સામે કરોડોની જમીનોના કાગળો પડાવી લીધાનો આક્ષેપઃ તપાસનો ધમધમાટ

રાજકોટ તા. ૨૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં અને ગુજરાતના ખેડુતોને લોનની લાલચ આપી છેતરપીંડીથી ખેતીની જમીનના દસ્તાવેજો કરાવી લેવાના કૌભાંડના મુખ્ય સુત્રધાર અલ્પેશ દોંગાને પડધરી પોલીસે ઝડપી લીધા બાદ અલ્પેશ દોંગાની ટોળકીનો ભોગ બનેલ ખેડુતો અને અરજદારો ફરીયાદ કરવા આજે એસપી કચેરીએ ઉમટી પડયા હતા. આ ખેડૂતોએ પોતાની સાથે પણ અલ્પેશ આણી ટોળકીએ મસમોટી ઠગાઇ કર્યાની ફરિયાદો ઠાલવી હતી. સાત આઠ લાખની લોનો આપી કરોડોની જમીનોના દસ્તાવોજો આ ટોળકીએ કરાવી લીધાની ફરિયાદો સામે આવી રહી હોઇ વધુ ગુના નોંધાય તેવી શક્યતા છે.

વિગતો જોઇએ તો પડધરીના સરપદડ ગામના વેપારીને લોન આપી ખેતીની જમીનના સાટાખતને બદલે દસ્તાવેજ કરાવી લઇ અને બાદમાં આ દસ્તાવેજ રદ કરવાના બહાને ૧.૦૭ કરોડની રકમ પડાવી લેવાના ગુન્હામાં અલ્પેશ દોંગાને રૂરલ પોલીસે ઝડપી લઇ તેના રાજકોટ અને અમદાવાદ સ્થિત કોલ સેન્ટર ઉપર દરોડા પાડતા અલ્પેશ દોંગાની ટોળકીએ લોનના બહાને સંખ્યાબંધ ખેડુતોને ફસાવ્યા હોવાનું થોકબંધ સાહિત્ય મળી આવતા પોલીસે તપાસનો




ધમધમાટ શરૂ કર્યો હતો. આ અંગે રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરનો સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું હતું કે અલ્પેશ દોંગાને ત્યાંથી ૨૪ દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા હતા. તે પૈકી ૨૦ દસ્તાવેજોવાળી ૧૨૬ વિઘાની જમીનના કિસ્સામાં કોઇ સાથે છેતરપીંડી થઇ છે કે કેમ તે અંગે તપાસ ચાલુ છે.

દરમિયાન સોમવારે આજે અલ્પેશ દોંગાની ટોળકીના છેતરપીંડીનો ભોગ બનેલ ૧૫ થી વધુ ખેડુતો અને અરજદારો એસપી કચેરીએ આવ્યા હતા. જેમાં રાજકોટના-૨, જામનગરના-૨, તથા અન્ય ગામના ખેડુતો અને અરજદારોનો સમાવેશ થાય છે. આ તમામ પાસેથી દસ્તાવેજોની અને અન્ય સાહિત્યોની ચકાસણી થઇ રહી છે. તેમજ છેતરપીંડીનો ભોગ બનેલ તમામ લોકોના નિવેદનો લેવાઇ રહયા છે. અલ્પેશ દોંગાની ટોળકીએ છેતરપીંડી કર્યાનું તપાસમાં ખુલશે તો એફઆઇઆર નોંધવાની તજવીજ હાથ ધરાશે. એસપી વિજયસિંહ ગુર્જરે વધુમાં જણાવ્યું હતું કે, અલ્પેશ દોંગાની ઓફીસમાંથી ૪૮૦૦ મહિલાનું લીસ્ટ મળ્યું છે તે તમામ મહિલાઓને ફોન કરી તેઓ છેતરપીંડીનો ભોગ બન્યા છે કે કેમ? તે અંગે તપાસ ચાલી રહી છે.

અલ્પેશ દોંગા વિરૂધ્ધ નોંધાયેલ ગુન્હામાં નીચલી કોર્ટના રિમાન્ડ નામંજુર કરવાના હુકમ સાથે પોલીસે સેસન્સ કોર્ટમાં રીવીઝન ફાઇલ કરી છે. અલ્પેશ દોંગાની રિમાન્ડ મળ્યે વધુ કૌભાંડો ખુલે તેવી શકયતા છે. અલ્પેશ દોંગાની ટોળકીના છેતરપીંડીનો ભોગ બનેલ લોકો પોલીસ ફરીયાદ કરવા આવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અલ્પેશ દોંગા અને તેની ટોળકી બાલાજી લોન, ગીતા ચેરીટેબલ ટ્રસ્ટ, અષ્ટલક્ષ્મી લોન હાઉસ તથા પટેલ ઇન્વેસ્ટમેન્ટના નામે લોકોને લોનની લાલચ આપી છેતરપીંડી કરતા હોવાનું થોકબંધ સાહિત્ય મળી આવ્યું હતું. કરોડોના આ કૌભાંડમાં સાતીર અલ્પેશ દોંગા કાનુની રીતે પોતે કયાંય ન ફસાઇ તે રીતે કારસ્તાન કરતો હોવાનું ખુલતા આ પ્રકારના આર્થિક કૌભાંડની તપાસમાં માહીર અધિકારીની ખાસ નિમણુંક કરવામાં આવી છે. તેમજ અલ્પેશ દોંગાની ઓફીસમાંથી કબ્જે કરાયેલ મોબાઇલ અને કોમ્પ્યુટરની સાયબર એકસપર્ટ દ્વારા તપાસ ચાલી રહી હોવાનું જણાવાયું હતું.

### ચોર લૂંટારા કોઇપણ હદ સુધી જઇ શકેઃ ચોંકાવનારી ઘટનામાં પોલીસને સફળતા

# વૃધ્ધાને બંધક બનાવી દાગીના લૂંટી લીધાઃ બે લૂંટારા ઝબ્બે

## વૃધ્ધા એકલા રહેતાં હોઇ મોઢે ડુચો દઇ હાથ પગ બાંધી કાન-ગળામાંથી દાગીના ખેંચી કાઢતા લોહીલુહાણ થઇ ગયા હતાંઃ મુળ યુપીના લૂંટારા પોલીસની પકડમાં

રાજકોટ તા. ૨૮

એકલા રહેતાં મહિલાઓ, વૃધ્ધોઓને ચોર લૂંટારા શિકાર બનાવતા હોવાની ઘટના અવાર-નવાર બનતી રહે છે. તાજેતરમાં રાજકોટમાં એકલા રહેતાં મહિલાની તેના જ ઘરની પાછળ રહેતાં આગ્રાના બે ભાઇઓએ કરી લૂંટ ચલાવ્યાની ઘટના ઘટી હતી. ત્યાં હવે એક કિસ્સામાં એક પંચોતેર વર્ષના વૃધ્ધાને બંધક બનાવી લૂંટ ચલાવાઇ હતી. લૂંટારા ઘરમાં ઘુસી આવ્યા હતાં અને તેમને મોઢે ડુચો મારી હાથ પગ બાંધી કાન-ગળામાંથી દાગીના લૂંટી લીધા હતાં. સાત તોલાથી વધુના દાગીનાની લૂંટ થતાં હરકતમાં આવેલી પોલીસે દોડધામ કરી હતી અને લૂંટનો ભેદ ઉકેલી લૂંટારાઓને પકડી લીધા હતાં.

વિગતો જોઇએ તો વલસાડ જિલ્લાના વાપીના ડુંગરી ફળિયા કોળીવાડ વિસ્તારમાં પંચોતેર વર્ષીય વૃદ્ધા પર હુમલો કરી સોનાના દાગીનાની લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટનામાં ડુંગરા પોલીસને સફળતા મળી છે. પોલીસે લૂંટનો આ ગુનો ઉકેલી ઉત્તર -દેશના બે આરોપીઓની ધરપકડ કરી છે અને લૂંટાયેલો તમામ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઘટનાની વધુ માહિતી અનુસાર રાત્રિના સમયે પરિવારજનો ઘરમાં ઘી રહ્યા હતા. ત્યારે ઘર બહાર બેઠેલા



વૃદ્ધાને નિશાન બનાવી બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. વૃદ્ધા અવાજ કે બૂમો ન પાડી શકે તે માટે આરોપીઓએ તેમના મોઢામાં કપડાનો ડૂચો ભરાવી દીધો હતો.

લૂંટારાઓએ ત્યારબાદ વૃદ્ધાના કાનમાંથી બુટ્ટીઓ છીનવવા માટે કાન પર જોરથી ઝાટકો માર્યો હતો. જેના કારણે વૃદ્ધાના કાન અને ગળાના ભાગે વધારે ઈજા થઈ હતી. આરોપીઓ વૃદ્ધા પાસે રહેલા સાત તોલાથી વધુ સોનાના દાગીના જબરદસ્તી ઉતારીને ભાગી ગયા હતા. ડુંગરા પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપીઓ રાજેશ શુક્લા અને વિજય પાલ કે જે બંને મુળ યુપીના વતની છે અને હાલ સુલપડ અને દાદરા વિસ્તારમાં રહીને રિક્ષા ચલાવે છે. વૃદ્ધા તેમના ઘરની આસપાસ આવેલી ચાલીઓમાં અન્ય રાજ્યના લોકોને ભાડે રૂમ આપતા હતા. આથી, આ બંને આરોપીઓ એક મહિના પહેલાં રૂમ ભાડે રાખવાના બહાને આવ્યા હતા. તે સમયે વૃદ્ધાએ પહેરેલા દાગીના આરોપીઓએ જોઈ લીધા હતા. ત્યારબાદ તેમણે સમગ્ર વિસ્તારની રેકી કરીને લૂંટની યોજના બનાવી હતી.

વધુ માહિતી અનુસાર આ બનાવ અંગે ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા જ વલસાડ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ડુંગરા પી.આઈ. બી.એન. ગોહેલ અને ક્રાઇમ બ્રાંચ સહિતની ટીમોએ તપાસ શરૂ કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોનું નેટવર્ક કામ પર લગાવ્યું હતું. ચોક્કસ બાતમીના આધારે પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી લૂંટમાં ગયેલા તમામ સોનાના દાગીના અને મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓનો અગાઉ કોઈ ગુનાનો રેકોર્ડ છે કે નહીં, તેમજ અન્ય કોઈ વ્યક્તિ આ ગુનામાં સામિલ છે કે નહીં, તે અંગે ડુંગરા પોલીસ આરોપીઓના રિમાન્ડ મેળવીને આગળની તપાસ હાથ ધરી હતી. રાજ્યમાં અલગ અલગ ગામો કે શહેરોમાં આ રીતે ચોરી લૂંટની ઘટનાઓ બનતી રહે છે. જેમાં ઘણીવાર જે તે એકલા રહેતાં સિનીયર સીટીઝન પર કાં તો ગંભીર હુમલો કરીને લૂંટ ચલાવાતી હોય છે અને ઘણીવાર તેમની હત્યા કરીને લૂંટ ચલાવાતી હોય છે.

### ઓનલાઇન અને ઓફલાઇન ઠગાઇના વધુ બે કિસ્સા એફઆઇઆર તરીકે નોંધાયા પોલીસ ચોપડે

# ક્રેડીટ કાર્ડના રિવોર્ડ પોઇન્ટથી ઇજનેર છેતરાયો

## બીજી તરફ સેકન્ડ હેન્ડ કારના સોદામાં ગેરેજ સંચાલક ગાડી તો ગપચાવી ગયો માથે જતાં ધમકી પણ દીધી

રાજકોટ તા. ૨૮

સાયબર ક્રાઇમની રોજબરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક ઠગાઇ થઇ ગઇ હતી. એક સોફ્ટવેર એન્જિનીયર આવા ફ્રોડની જાળમાં ફસાઇ ગયો હતો. ક્રેડીટ કાર્ડના રિવોર્ડ પોઇન્ટસ લેવા જતાં તેની સાથે આ ઠગાઇ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગર સરગાસણની સોસાયટીમાં રહેતા અને અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલી આઇટી કંપનીમાં સિનિયર સોટવેર એન્જિનિયર તરીકે નોકરી કરતા યુવક ઓનલાઇન ઠગાઈનો ભોગ બન્યા છે. યુવક અંગત વપરાશ માટે માતાના નામના એક્સિસ બૅન્કના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરે છે. તેમના મોબાઇલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતે એક્સિસ બૅન્કમાંથી બોલતો હોવાનું કહીને ક્રેડિટ કાર્ડ પર રિવોર્ડ પૉઇન્ટ્સ વધારી આપવા તથા રૂ. ૪ હજારનું કૅશબેક મેળવવાની લાલચ આપી હતી.

ત્યારબાદ યુવક ગઠિયાએ આપેલી સૂચના મુજબ પોતાના ફોનમાં ગુગલ ઓપન કરીને આગળની પ્રોસેસ કરવા લાગ્યા હતા. એ દરમિયાન ઠગે ક્રેડિટ કાર્ડ નંબર અને ઓટીપી મેળવી લીધો હતો. ઓટીપી શેર થતાંની સાથે જ યુવકની જાણ બહાર અને મંજૂરી વગર ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૯૦,૨૪૬ કપાઈ ગયાનો મેસેજ આવ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવતાં જ તેમણે તરત જ સ્ટેટ સાયબર સેલના ટોલ-ફ્રી નંબર ૧૯૩૦ પર કોલ કરીને ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ઈ-અરજી આપ્યા બાદ રૂબરૂ જઈને અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. ઈન્ફોસિટી પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ અન્ય એક ઠગાઇનો કિસ્સો જોઇએ




તો વડોદરા શહેરમાં સેકન્ડ હેન્ડ કાર વેચવા માટે આપ્યા બાદ ગાડી પરત ન આપીને, છેતરપિંડી આચરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપી કાર પચાવી પાડવાનો મામલો સામે આવ્યો છે. માંજલપુર વિસ્તારમાં રહેતા અને સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા યુવકે -ીતી ઓટો ગેરેજના સંચાલક વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. માંજલપુર વિસ્તારમાં કિશન આઈકોન સામે રહેતા અને ફતેગંજની કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા સન્ની પ્રેમચંદ પટીયાલે વડસર સ્થિત આશીર્વાદ મોટર્સમાંથી સેકન્ડ કાર ૫૯,૦૦૦ રોકડા આપીને ખરીદી હતી. બાદમાં નવું ઘર ખરીદવા માટે તેમણે શ્રીરામ ફાઈનાન્સમાંથી આ ગાડી પર ૩ લાખની લોન લીધી હતી અને નિયમિત હપ્તા ભરતા હતા.

જો કે, અલગ-અલગ નાણાકીય મુશ્કેલીઓના કારણે લોનના હપ્તા ભરવામાં અસમર્થ બનતા તેમણે આ ગાડી વેચી દેવાનું નક્કી કર્યું હતું. ફરિયાદીના બનેવી એથેશામ ચૌહાણની ભલામણથી પ્રતાપનગર હુડા બ્ફ્રગ્દ ગેટ પાસે ડેરી રોડ પર પ્રીતી ઓટો ગેરેજ ચલાવતા રવિસિંગ અજુપસિંગ પંજાબી ગાડી લે-વેચનો ધંધો કરતા હોવાનું જણાયું હતું. જેથીસન્નીભાઈએ તેમની કાર વેચવા માટે રવિસિંગને સોંપી હતી. રવિસિંગે ગાડીના ૪.૫૦ લાખ કે તેથી વધુ અપાવવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસ પર ફરિયાદીએ ગાડી ગેરેજ પર મૂકી હતી અને બીજા દિવસે રવિસિંગને ટી.ઓ. ફોર્મ પર સહી કરી આપી, ઓરિજિનલ આર.સી.બુક, આધાર કાર્ડની નકલ અને બે ઓરિજિનલ ચાવી સોંપી હતી.

આ પછી ગાડી આપ્યાના એક મહિના બાદ ફરિયાદીએ પ્રીતી ઓટો ગેરેજ પર જઈને કાર વેચાઈ કે નહીં તેની પૂછપરછ કરી હતી, ત્યારે સંચાલકે થોડી રાહ જોવાનું કહી ગ્રાહકોની તપાસ ચાલુ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદજ્યારે સન્નીભાઈ ફરી ગેરેજ પર ગયા, ત્યારે રવિસિંગ પંજાબીએ ફરી દાવો કર્યો કે ટી.ઓ.ફોર્મ પર સહી કરેલી હોવાથી ગાડી જમા થઈ ગઈ છે અને હવે તમને ગાડી કે પૈસા નહીં મળે. જ્યારે ફરિયાદીએ પોતાના બનેવી સાથે મળીને ગાડી પરત માંગવાનો -યાસ કર્યો, ત્યારે આરોપી રવિસિંગે ઉશ્કેરાઈને હવે ગાડી નહીં મળે, તારે જે કરવું હોય તે કરી લે તેમ કહી અવારનવાર ધમકી દીધી હતી અંતે પોલીસને જાણ કરાઇ હતી.

## રાજકોટનું સહકારી માળખું, જ્યાં રાજકારણ નહીં પણ ખેડૂત હિત સર્વોપરી : શંકર ચૌધરી

# સહકાર ક્ષેત્રે રાજકોટ મોડેલનો ડંકો

### જામકંડોરણામાં ૭ સહકારી સંસ્થાઓની AGM : ૨.૫૦ લાખ ખેડૂતોને ૦% દરે ધિરાણથી લઈ ૧૫% ડિવિડન્ડની ભેટ














રાજકોટ, તા. ૨૮

રાજકોટ જિલ્લાના જામકંડોરણા ખાતે સહકારી ક્ષેત્રની એક અત્યંત વિરલ, ભવ્ય અને ઐતિહાસિક ઘટના આકાર પામી હતી. સમગ્ર સૌરાષ્ટ્રની આર્થિક અને સામાજિક કરોડરજ્જુ ગણાતી જિલ્લા કક્ષાની સાત મહત્વપૂર્ણ સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા એકસાથે અને અત્યંત ભવ્ય માહોલમાં યોજાઈ હતી. આ સંયુક્ત સાધારણ સભામાં રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ (RDCB), રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (ગોપાલ ડેરી), રાજકોટ જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિમિટેડ, રાજકોટ જિલ્લા સહકારી સંઘ, રાજકોટ જિલ્લા કો-ઓપરેટિવ કોટન માર્કેટિંગ યુનિયન લિમિટેડ, રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિમિટેડ તેમજ રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના કર્મચારીઓની ધિરાણ મંડળી એક મંચ પર સાથે મળી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, ધારાસભ્ય અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન જયેશ રાદડિયા સહિત રાજ્યભરના અગ્રણી સહકારી નેતાઓ, કૃષિ અગ્રણીઓ અને હજારોની સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સહકારી સંસ્થાઓના શિખર સમાન રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન જયેશ રાદડિયાએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના સહકારી માળખાને આટલી ઊંચાઈએ પહોંચાડવામાં સ્વ. વલ્લભભાઈ પટેલ અને સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાનો અવિસ્મરણીય અને સિંહફાળો રહ્યો છે. સમગ્ર ભારતમાં ટૂંકી મુદતનું અને ૦% વ્યાજે ધિરાણ આપવાનો ક્રાંતિકારી અને ઐતિહાસિક નિર્ણય સ્વ. વિઠ્ઠલભાઈના નેતૃત્વમાં લેવાયો હતો. એ જ મજબૂત પાયાના પરિણામે આજે પણ જિલ્લાના ૨.૫૦ લાખથી વધુ ખેડૂતોને ૦% વ્યાજે ધિરાણ મળી રહ્યું છે. બેંકની ઉત્તરોત્તર પ્રગતિનો ચિતાર આપતાં જયેશ રાદડિયાએ ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૨૫ની સાધારણ સભામાં બેંકની ડિપોઝિટ ₹૯,૭૭૦ કરોડ નોંધાઈ હતી, જે ગ્રાહકો અને ખેડૂતોના અપ્રતિમ વિશ્વાસના જોરે આજે વધીને ₹૧૧,૪૦૦ કરોડના આંકડાને પાર કરી ગઈ છે. ચાલુ નાણાકીય વર્ષે બેંક દ્વારા ₹૭,૨૧૩ કરોડનું ધિરાણ ૦% વ્યાજદરે પૂરું પાડવામાં આવ્યું છે. આ સિવાય, ખેડૂતોની સુરક્ષા પ્રત્યે સંવેદનશીલતા દાખવીને અકસ્માત વીમા માટેનું ₹૧૫ કરોડનું સંપૂર્ણ પ્રીમિયમ બેંકે પોતે જ ભોગવ્યું છે. બેંકે સતત ઉત્કૃષ્ટ કામગીરી કરીને ₹૨૦૦ કરોડથી વધુનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે અને તેની સાથે જોડાયેલી તમામ મંડળીઓને ૧૫% જેટલું અધધ ડિવિડન્ડ ચૂકવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.

### ટેકાના ભાવે મગફળી ખરીદી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશનની મુદતમાં ૧૫ દિવસનો વધારો : જીતુ વાઘાણી

કાર્યક્રમ દરમિયાન કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ ખેડૂતલક્ષી સંવેદનશીલ અને મહત્વની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ''આજે રસ્તામાં આવતા-જતાં ખેડૂતોના મગફળીના પાથરા જોતાં, રાજ્ય સરકારે ટેકાના ભાવે ખરીદી માટેના ઓનલાઈન રજીસ્ટ્રેશનની મુદત વધારવાનો ત્વરિત નિર્ણય લીધો છે.'' ખેડૂતોના વ્યાપક હિતમાં રજીસ્ટ્રેશનની અંતિમ તારીખમાં વધુ ૧૫ દિવસનો વધારો કરીને હવે ખેડૂતો ૨૫ ઓક્ટોબર સુધી પોતાની મગફળી વેચવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે, જેથી એક પણ પાત્ર ખેડૂત આ લાભથી વંચિત ન રહે.

### પશુપાલકો માટે ૭૫ કરોડનું બોનસ

ડેરી દ્વારા પશુપાલકો માટે ₹૭૫ કરોડના ઐતિહાસિક બોનસની જાહેરાત કરવામાં આવી છે. ગત વર્ષની સરખામણીએ ટર્નઓવરમાં ૪% ના વધારા સાથે સંઘનું વાર્ષિક ટર્નઓવર ૧૧૮૯ કરોડના સ્તરે પહોંચ્યું છે. આ સફળતાનો સીધો લાભ ૭૫૪ દૂધ મંડળીઓ સાથે જોડાયેલા ૫૨,૮૧૨ દૂધ ઉત્પાદકોને મળશે અને તેમના અંતિમ દૂધ ભાવની રકમ સીધી જ બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ ઉપરાંત, પશુપાલકોના હિતમાં વિમા યોજનાનું ૧૦૦% પ્રીમિયમ સંઘ પોતે ભોગવશે તેમજ ₹૧૦ લાખનું અકસ્માત વિમા કવચ યથાવત ચાલુ રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.

### સહકારી નેતા એક-બે વર્ષમાં ન બની શકાય, તેના માટે જાત ઘસીને લોકો માટે જીવવું પડે : શંકર ચૌધરી

વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ પોતાના સંબોધનમાં ભૂતકાળના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, હું જ્યારે સૌપ્રથમ બનાસ બેંકનો ચેરમેન બન્યો ત્યારે મેં સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયા પાસેથી કામગીરી અને નેતૃત્વની પ્રેરણા લીધી હતી. વિઠ્ઠલભાઈએ રોપેલા સહકારના બીજ અને વાવેલા વૃક્ષને આજે જયેશ રાદડિયાએ પોતાના સક્ષમ નેતૃત્વથી વટવૃક્ષ બનાવ્યું છે. આ સાથે સહકારી ક્ષેત્ર અંગે અત્યંત ગંભીર અને સૂચક ટકોર કરતાં તેમણે ઉમેર્યું હતું કે, ''સહકારી ક્ષેત્રના નેતા કોઈ એકાદ-બે કે પાંચ વર્ષમાં બની શકાતું નથી. તેના માટે રાતોરાત શોર્ટકટ નથી હોતા, પરંતુ પોતાની જાત ઘસીને લોકોની સેવા માટે જીવવું પડે છે અને ગામડાંના છેવાડાના માનવીથી લઈને જિલ્લા સુધી સતત સિંચન કરવું પડે છે, ત્યારે જઈને આવું મજબૂત સહકારી માળખું ઊભું થાય છે. આ ભવ્ય અને ઐતિહાસિક સંયુક્ત વાર્ષિક સાધારણ સભાએ રાજકોટ જિલ્લાના ખેડૂતો, સહકારી અગ્રણીઓ અને સભાસદો વચ્ચેની અભેદ્ય એકતા, વિશ્વાસ અને આર્થિક સમૃદ્ધિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

---

### રાજકોટવાસીઓને રાહત આપવા શાસકોની કવાયત

# મિલકત-પાણીવેરામાં વ્યાજ માફીની મુદત લંબાવવા વિચારણા

### બીજી તરફ 'દીવા તળે અંધારું' : કેન્દ્ર-રાજ્ય સરકારની ૧૦ મુખ્ય કચેરીઓએ ૧૦૦ કરોડથી વધુનો વેરો નથી ભર્યો




રાજકોટ, તા. ૨૮

મહાનગરપાલિકા દ્વારા સામાન્ય નાગરિકો માટે મિલકત વેરા અને પાણીવેરાના બાકી લેણાં પર અપાયેલી વ્યાજ માફી સ્કીમનો લાભ વધુમાં વધુ કરદાતાઓ લઈ શકે તે માટે મુદત લંબાવવા અંગે તંત્ર અને શાસકો કક્ષાએ ગંભીર વિચારણા ચાલી રહી છે. સામાન્ય કરદાતાઓ પાસેથી એક-એક રૂપિયાનો વેરો વસૂલવા આકરાં પગલાં લેતું મનપા તંત્ર બીજી તરફ મોટા બાકીદારો સામે સાવ વામણું પૂરવાર થઈ રહ્યું હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

મનપાના રેકોર્ડ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૦ મુખ્ય સરકારી કચેરીઓ તથા સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી જ તંત્રને રૂ. ૧૦૦ કરોડથી વધુનો મિલકત અને પાણીવેરો વસૂલવાનો બાકી નીકળે છે. સામાન્ય નાગરિક થોડોક પણ વેરો ભરવામાં મોડો પડે તો તેના કનેક્શન કાપવા કે મિલકત સીલ કરવા સુધી દોડી જતું તંત્ર આ સરકારી 'સરપંચો' સામે કડક કાર્યવાહી કરવામાં પાછીપાની કરી રહ્યું છે.

હાલમાં નાગરિકોને વ્યાજ માફીનો લાભ આપી રિકવરી વધારવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, ત્યારે બીજી તરફ અબજો રૂપિયાનો વેરો દાબીને બેઠેલી સરકારી કચેરીઓ પાસેથી વસૂલાત કરવા માટે કોઈ નક્કર અને આકરાં પગલાં લેવામાં આવશે કે કેમ? તે અંગે શહેરીજનોમાં મોટો સવાલ ઉભો થયો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સામાન્ય નાગરિકો અને વેપારીઓ પાસેથી બાકી વેરો વસૂલવા માટે મિલકતો સીલ કરવાથી લઈને નળ કનેક્શન કાપવા સુધીની આકરી ઝુંબેશ ચલાવવામાં આવે છે. પરંતુ બીજી તરફ શહેરની જ પ્રમુખ સરકારી કચેરીઓ કરોડો રૂપિયાનો વેરો દબાવીને બેઠી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. રાજકોટની કલેક્ટર કચેરી, પોલીસ કમિશનર કચેરી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિતની ટોચની ૧૫ જેટલી સરકારી કચેરીઓનો સરેરાશ રૂ. ૧૦૭ કરોડ જેટલો જંગી વેરો બાકી બોલી રહ્યો છે. મનપાના રેકોર્ડ મુજબ, જે કચેરીઓ પરથી આખા શહેરની કાયદો-વ્યવસ્થા અને વહીવટ ચાલે છે, તે જ કચેરીઓ મિલકતવેરો ભરવામાં ભારે બેદરકારી દાખવી રહી છે. આઉટસ્ટેન્ડિંગ વેરાની યાદીમાં કલેક્ટર કચેરી, પોલીસ કમિશનર કચેરી ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો આંકડો સૌથી મોટો છે. વર્ષોથી બાકી નીકળતી આ કરોડો રૂપિયાની રકમ વસૂલવામાં મહાનગરપાલિકાનું તંત્ર તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. સામાન્ય આદમી જો થોડો પણ ટેક્સ ભરવામાં મોડો પડે તો તેના ઘરે નોટિસોનો ખડકલો કરી દેતી અને મિલકતો ટાંચમાં લેતી મનપા, સરકારી કચેરીઓના કરોડોના બાકી લેણાં સામે મૌન સેવીને બેસી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. ''દંડ ફક્ત સામાન્ય જનતા માટે અને છૂટછાટ સરકારી બાબુઓ માટે?'' એવો તીખો સવાલ હવે શહેરના કરદાતાઓમાં ઉઠી રહ્યો છે. કલેક્ટર અને પોલીસ કમિશનર જેવી જવાબદાર કચેરીઓ જ જો સમયસર વેરો ન ભરે, તો સામાન્ય પ્રજા પાસે કરપાલનની અપેક્ષા કેવી રીતે રાખી શકાય તે મોટો સવાલ છે.

---

## તહેવારોના ટાણે મોતનો સામાન!

# ચાઈનીઝ ફટાકડાનું મોટું કૌભાંડ ખુલ્લું પડ્યું

### કૌભાંડના મૂળ સૌરાષ્ટ્રમાં : રાજકોટ, ધોરાજી અને જામનગરના ત્રણ મોટા વેપારીઓ સામે સકંજો

રાજકોટ, તા. ૨૮

મુંબઈના ન્હવાશેવા (JNPT) બંદર પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા હાથ ધરાયેલા એક અત્યંત સપાટાબંધ અને મહત્ત્વના ઓપરેશનમાં આંતરરાજ્ય સ્તરે ચાલતા પ્રતિબંધિત ચાઈનીઝ ફટાકડાના કાળા કારોબારનો ખુલાસો થયો છે. તહેવારોની મોસમ નજીક આવતાં જ દેશના બજારોમાં ગેરકાયદેસર રીતે સસ્તા અને અત્યંત જોખમી વિદેશી ફટાકડા ઘુસાડવાનો મોટો પ્રયાસ વિજિલન્સ એજન્સીઓની સતર્કતાને કારણે નિષ્ફળ રહ્યો છે. ચોક્કસ અને ગુપ્ત બાતમીના આધારે ઉર્જી ની મુંબઈ ઝોનલ યુનિટે પોર્ટ પર શંકાસ્પદ કન્ટેનર્સને અટકાવીને જ્યારે સઘન તલાશી લીધી, ત્યારે સ્કેનિંગ અને કસ્ટમ્સ ડ્યુટીથી બચવા માટે રચાયેલું એક મોટું કાવતરું સામે આવ્યું હતું. કન્ટેનર્સના કસ્ટમ્સ સીલ તોડીને તપાસ કરતાં અંદરથી મોટા પ્રમાણમાં આયાત પર પ્રતિબંધ ધરાવતા ચાઈનીઝ ફટાકડા ભરેલા બોક્સ મળી આવ્યા હતા, જેની પ્રાથમિક બજાર કિંમત આશરે ૩ કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

આ રેકેટમાં સામેલ સિન્ડિકેટે કસ્ટમ્સ એજન્સીઓની આંખમાં ધૂળ નાખવા માટે અત્યંત ચાલાકીપૂર્વક મિસ-ડિક્લેરેશનની પદ્ધતિ અપનાવી હતી. ઈમ્પોર્ટ ડોક્યુમેન્ટ્સ અને બિલ ઓફ એન્ટ્રીમાં માલસામાન તરીકે સામાન્ય હોમ ડેકોર આઈટમ્સ જેવી કે વોલ પેપર અને પીવાના પાણીની બોટલો દર્શાવવામાં આવી હતી. વિસ્ફોટક કાયદા હેઠળ યોગ્ય લાયસન્સ કે સુરક્ષા મંજૂરી વિના આટલા વિશાળ જથ્થાનું પરિવહન કરવું એ માત્ર બંદર માટે જ નહીં પરંતુ સમગ્ર પરિવહન વ્યવસ્થા અને જાહેર સુરક્ષા માટે પણ એક મોટા બોમ્બ સમાન અને અતિ જોખમી સાબિત થઈ શકત. ઉલ્લેખનીય છે કે, ચાઈનીઝ ફટાકડામાં પોટેશિયમ ક્લોરેટ અને ભારે ધાતુઓ જેવા અતિશય ઝેરી તથા અસ્થિર રસાયણોનો ઉપયોગ થતો હોવાથી તે પર્યાવરણ અને માનવજીવન બંને માટે ઘાતક છે, જેના કારણે ભારતમાં તેની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવેલો છે.

DRI દ્વારા કાગળો, ઈમ્પોર્ટ હિસ્ટ્રી અને ડિજિટલ ડેટાની ઝડપી તપાસ હાથ ધરાતાં આ કરોડોના કન્સાઈનમેન્ટના અસલી ખરીદદારો સૌરાષ્ટ્રના હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આ તપાસના તાર સીધા ગુજરાત સાથે જોડાવતાં એજન્સીએ સૌરાષ્ટ્રના ત્રણ મુખ્ય શહેરોના અગ્રણી વેપારીઓ સામે તપાસનો શિકંજો કસ્યો છે. જેમાં રાજકોટના અશોક મૂસાની, ધોરાજીના મનીષ ફુલહારી અને જામનગરના દિવ્યકાંત ચોથાણીની સંડોવણી ખુલી છે. આ વેપારીઓએ મુંબઈના એક લોકલ એજન્ટ મારફતે માલ પોર્ટ પરથી ક્લિયર કરાવી, રોડ માર્ગે સૌરાષ્ટ્રના છૂપા ગોડાઉનો સુધી પહોંચાડવાનું અને ત્યાંથી તહેવારો ટાણે સમગ્ર રાજ્યમાં સપ્લાય કરવાનું આયોજન કર્યું હતું.

હાલ આ સમગ્ર નેટવર્કને તોડી પાડવા માટે DRI એ મુંબઈના મુખ્ય એજન્ટની ધરપકડ કરી તેની આકરી પૂછપરછ શરૂ કરી છે. એજન્ટના મોબાઈલ ચેટ્સ, કોલ ડિટેઈલ્સ અને બેંક ખાતાઓના ટ્રાન્ઝેક્શન્સ દ્વારા ચીનથી લઈને ભારત સુધી નાણાંની હેરફેર (મની ટ્રેલ) કેવી રીતે થઈ તેની કડીઓ મેળવવામાં આવી રહી છે. કસ્ટમ્સ એક્ટ ૧૯૬૨ અને એક્સપ્લોઝિવ્સ એક્ટના ઉલ્લંઘન હેઠળ આ તમામ વેપારીઓ સામે કાયદેસરના સખત પગલાં લેવાઈ રહ્યા છે. સમયસર થયેલી આ કાર્યવાહીથી દિવાળીના સમયે સ્થાનિક બજારોમાં ગેરકાયદેસર અને જોખમી ચાઈનીઝ દારૂગોળો ઘુસાડવાના બહુ મોટા ષડયંત્ર પર પાણી ફરી વળ્યું છે.




### 'વોલ પેપર'ની આડમાં ઝેરી દારૂગોળો: કસ્ટમ્સને આંકડી આપવાની ચાલાકી

**દિવાળીનો તહેવાર નજીક આવતાં જ દેશના ગેરકાયદેસર બજારોમાં સસ્તા અને જોખમી ચાઈનીઝ ફટાકડા ઘુસાડવાની પેરવી શરૂ થઈ ગઈ હતી. કસ્ટમ્સ ડ્યુટી ચૂકવવી ન પડે અને સ્કેનરમાં માલ પકડાય નહીં તે માટે સિન્ડિકેટે અત્યંત શાતિર કાવતરું રચ્યું હતું.**

- ❖ **ખોટું ડિક્લેરેશનઃ** ઈમ્પોર્ટ ડોક્યુમેન્ટ્સ અને બિલ ઓફ એન્ટ્રીમાં માત્ર હોમ ડેકોરની વસ્તુઓ જેમ કે વોલ પેપર અને પાણીની બોટલો દર્શાવવામાં આવી હતી.
- ❖ **જોખમી હેરફેરઃ** યોગ્ય લાયસન્સ વગર આટલા વિશાળ જથ્થાનું વહન કરવું એ આખા બંદર અને પરિવહન વ્યવસ્થા માટે એક મોટા બોમ્બ સમાન હતું.
- ❖ **ગુપ્ત બાતમીઃ** DRIની મુંબઈ ઝોનલ યુનિટને ચોક્કસ બાતમી મળતાં જ શંકાસ્પદ કન્ટેનર્સના સીલ તોડીને તપાસ કરાઈ અને ૩ કરોડ રૂપિયાના પ્રતિબંધિત ફટાકડા ઝડપી લેવાયા.